CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૫ ● અંક : ૧૯૪
તા.૧૯-૦૮-૨૦૧૯, સોમવાર
સંવત ૨૦૭૫ શ્રાવણ વદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૬ સૂર્યાસ્ત : ૦૭:૧૦

તાપમાન: ડીસા ૩૧.૦ | અમદાવાદ ૩૨.૧ | ગાંધીનગર ૩૨.૪ | વડોદરા ૩૧.૬ | સુરત ૩૦.૪ | નલિયા ૩૦.૪

ચાંદી : ૪૧,૫૦૦ સોનું : ૩૬,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...

# હવે માત્ર 'પીઓકે' પર જ વાતચીત : રાજનાથ

**હરિયાણામાં જનસભામાં રાજનાથસિંહની પાકિસ્તાનને ચેતવણી : બાલાકોટમાં ભારતે ભીષણ હુમલાઓ કરીને ભારે નુકસાન કર્યું હતું તે બાબતની કબૂલાત હવે પાકિસ્તાની વડાપ્રધાન કરી ચુક્યા છે**

પંચકુલા

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ હચમચી ઉઠેલા પાકિસ્તાનને ચેતવણી આપતા આજે સંરક્ષણમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, હવે માત્ર પોકના મુદ્દા ઉપર જ વાતચીત થશે. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, હવે પાકિસ્તાન સાથે જે પણ વાતચીત થશે તે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પોક) ઉપર વાતચીત થશે. સંરક્ષણમંત્રીએ આજે હરિયાણાના કાલકામાં એક જનસભાને સંબોધતા કહ્યું હતું કે, પાકિસ્તાનને આ બાબતનો ભય પહેલાથી જ દેખાઈ રહ્યો હતો. હાલમાં એવા અહેવાલ આવ્યા હતા કે, ઈમરાન ખાન સરકારને એવો ભય છે કે, કલમ



૩૭૦ની નાબૂદી બાદ ભારત હવે પોકમાં બાલાકોટ કરતા પણ મોટી કાર્યવાહી કરી શકે છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, પુલવામામાં અમારા સુરક્ષા જવાનોની સાથે જે કંઈપણ બન્યું ત્યારબાદ ૫૬ ઈંચની છાતી ધરાવનાર અમારા વડાપ્રધાને નિર્ણય કર્યો કે ઈંટનો જવાબ પથ્થરથી આપવાનો સમય છે અને ત્યારબાદ એરફોર્સના અમારા જવાનોએ બાલાકોટમાં જઈને ત્રાસવાદીઓનો ખાત્મો બોલાવ્યો હતો. પાકિસ્તાનના વડાપ્રધાન પહેલા કહેતા હતા કે, કંઈપણ થયું નથી. એક પણ વ્યક્તિનું મોત થયું નથી. હવે પોકમાં ઉભા થઈને કહી રહ્યા છે કે, ભારત બાલાકોટ એરસ્ટ્રાઈક કરતા પણ મોટી સ્ટ્રાઈક કરી શકે છે. આનાથી સ્પષ્ટ છે કે, પાકિસ્તાની વડાપ્રધાન સ્વીકારી ચુક્યા છે કે, બાલાકોટમાં ભારતે ભીષણ હુમલા કર્યા હતા અને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપની જનઆશીર્વાદ રેલીને લીલીઝંડી આપતા પહેલા રાજનાથસિંહે જનસભાને સંબોધી હતી. પાકિસ્તાન ઉપર પ્રહાર કરતા ગૃહમંત્રીએ અનુસંધાન પાના નં.૬

## હિમાચલ પ્રદેશ : ભારે વરસાદથી હાલત કફોડી, ૧૦ થી વધુના મોત

**ભારે વરસાદ બાદ પુર જેવી પરિસ્થિતિથી સ્કુલ તેમજ કોલેજોમાં રજા : કુલ્લુ સહિતના વિસ્તારમાં ભેખડો ધસી પડવાના બનાવો : પાંચ ઇંચ સુધીનો વરસાદ**

શિમલા

હિમાચલ પ્રદેશના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદના કારણે પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અનેક જિલ્લાઓમાં પુરના કારણે ગામોના સંપર્ક કપાઈ ગયા છે. પુર અને વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૦ લોકોના મોત થઈ ચુક્યા છે. મોટી સંખ્યામાં લોકો લાપત્તા હોવાના પણ અહેવાલ મળ્યા છે જો કે આને સમર્થન મળી રહ્યું નથી. રાજ્યના તમામ વિસ્તારોમાં ભેખડો ધસી પડવા અને નવેસરથી પુરના કારણે ૩૨૩ રસ્તાઓ અને રાષ્ટ્રીય રાજમાર્ગ સંખ્યા પાંચ ઉપર વાહનોની અવરજવરને રોકી દેવામાં આવી છે. હિમાચલ પ્રદેશ ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ પુરની સ્થિતિ સર્જાયેલી છે. વરસાદ સંબંધિત ઘટનાઓના કારણે હિમાચલમાં આઠ લોકોના મોત થયા છે. શિમલામાં આરટીઓ ઓફિસની પાસે ભેખડ ધસી પડતા ત્રણ લોકોના મોત થયા છે. આ ઉપરાંત આ ઘટનામાં અન્ય કેટલાક લોકો ગંભીરરીતે ઘાયલ થયા છે. મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે જે પૈકી એક શાહઆલમ નામના શખ્સ તરીકે થઈ છે જે બિહારના કિસનગંજનો નિવાસી છે. બીજી બાજુ કુલ્લુ જિલ્લામાં રોહરુમાં ભેખડો ધસી પડવાના કારણે એકનું મોત અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

'દારૂ છોડી દો નહિતર...'
'નહિતર શું થશે ?'
'આંખો જશે'
'એક વાત કરું ?'
'કરો'

'૭૦ વરસની મારી વય છે. જીવનમાં જોવા જેવું બધું જોઈ ચૂકયો છું. હવે આંખ રહે તો ય શું અને જાય તો પણ શું ?'

વ્યસનની એક ગજબનાક ખાસિયત ખ્યાલમાં છે ?

એના સેવનમાં એવો કોઈ આનંદ આવે નહીં

અને એનું સેવન ન કરો તો પીડા-વ્યથા-ત્રાસનો અનુભવ થયા વિના રહે નહીં.

અલબત્ત, વ્યસન જીવનમાં કાંઈ આસમાનમાંથી ટપકી પડતું નથી.

સૌપ્રથમ જીવનમાં એ મુલાકાતી તરીકે પ્રવેશે છે.

તમે એને જીવનમાં ગોઠવાઈ જવાની તક આપો છો ત્યારે એ 'મહેમાન' બની જાય છે અને પછી તમે એના પ્રત્યે ગજબનાક આદરભાવ દર્શાવો છો ત્યારે એ માલિક બની જાય છે. બે કામ કરો.

કોઈ પણ પ્રકારની જરૂરીયાત 'આદત'

ન બની જાય એનું ખાસ ધ્યાન રાખો અને કોક જરૂરીયાત આદતરૂપ બની પણ ગઈ હોય તો ય એના સેવનની માત્રા ઘટાડતા જાઓ. ફાવી જશો.

- આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

## સાર સમાચાર...

### લોકોની નોકરીને બચાવવા મોદી પેકેજ આપશે

નવી દિલ્હી

ઓટો સેકટરમાં પ્રવર્તી રહેલી મંદીના પરિણામ સ્વરૂપે મોટાપાયે છટણીના અહેવાલ આવી રહ્યા છે. આ અહેવાલોને લઈને પીએમઓ ભારે પરેશાન છે. સુત્રોના કહેવા મુજબ પીએમઓ દ્વારા હવે નાણાં અને ભારે ઉદ્યોગ મંત્રાલય પાસેથી આ અંગેના આંકડા માંગ્યા છે. સાથે સાથે ઓટો સેકટર માટે રાહત પેકેજ બનાવવા માટેની સૂચના પણ આપી છે જેથી નોકરીઓને બચાવી શકાય. સેકટરને ફંડ વધારવા, ડીલરોને ૬૦ની જગ્યાએ ૯૦ દિવસ માટે લોન આપવા અને કેટલાક સમય માટે ટેકસ છુટછાટ આપવા જેવી રાહતો પર વિચારણા કરવામાં આવનાર છે. આર્થિક સંકટનો નિકાલ લાવવા માટે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. મંદીની અસરથી બહાર કાઢવા માટે નાણામંત્રાલય ઓટો, રિયાલીટી સહિતના જુદા જુદા ક્ષેત્રોના પ્રતિનિધિઓ સાથે વાતચીતમાં વ્યસ્ત છે.

**સોના-ચાંદી અને વાહનોની માંગમાં વધારો થશે**

## શાનદાર ચોમાસાથી બમ્પર પાકની આશા ઉજળી બની

નવી દિલ્હી

ચોમાસાની સિઝનમાં દેશના જુદા જુદા રાજ્યોમાં પુરની સ્થિતિ સર્જાયેલી છે પરંતુ શાનદાર મોનસુનના પરિણામ સ્વરુપે બમ્પર પાક થવાની આશા જાગી છે જેના પરિણામ સ્વરુપે સોના અને વાહનોની માંગમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ચોમાસાની સિઝનમાં બાકી અવધિમાં ખેતીવાડી માટે સાનુકુળ માહોલ સર્જાયેલો છે. જળાશયોમાં ભારે વરસાદથી પુરતા પ્રમાણમાં પાણી આવી ચુક્યું છે. ખરીફ પાક વાવણીમાં તેજી આવી ચુકી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આ વર્ષે સારા મોનસુનના પરિણામ સ્વરુપે અનાજનું રેકોર્ડ ઉત્પાદન થઈ શકે છે. આવું થવાની સ્થિતિમાં અર્થવ્યવસ્થાને ખુબ ટેકો મળશે. કારણ કે, આનાથી ખેડૂતોની આવક વધશે. તહેવારની સિઝનમાં મોટા પ્રમાણમાં વાહનો અને સોના ચાંદીની ખરીદી થઈ શકે છે. ઓગસ્ટ મહિનામાં વરસાદ સામાન્યની સરખામણીમાં ૩૫ ટકા વધારે રહ્યો છે. જેના લીધે ખરીફ પાકની વાવણીમાં વધારો થયો છે. જળાશયોમાં છેલ્લા ૧૦ વર્ષની સરખામણીમાં આ વર્ષે ૨૫ ટકા વધારે પાણી છે જેથી ખેતીવાડીને લઈને ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ રહ્યું છે. જૂન મહિનામાં ચિત્ર ખુબ ખરાબ દેખાઈ રહ્યું હતું તે વખતે વરસાદ સામાન્યની સરખામણીમાં એક તૃતિયાંશ કરતા પણ ઓછો રહેવાના લીધે સરકારી અધિકારીઓ દુકાળની સ્થિતિને લઈને રાહતોના પાસા ઉપર વિચારી રહ્યા હતા. જળાશયોમાં પાણી ખુબ ઓછુ હતું. જળાશયોમાં પાણીના સ્તરના સીધા સંબંધ મોનસુન બાદ પીવાના પાણીની જરૂરિયાત, સિંચાઈ અને વિજળી ઉત્પાદન સાથે રહે છે. હવે ખરીફ પાકમાં ઉત્પાદન ખુબ શાનદાર રહેવાની શક્યતા છે. આનાથી ખેડૂતોની આવક વધશે.

## દેશમાં પુર તાંડવ : હજુ સુધી ૧૦૬૦થી વધુના મોત

**કેન્દ્રીય સંસ્થાઓ દ્વારા ૧૮ લાખથી વધારે લોકોને સુરક્ષિત ખસેડાયા : ૭,૮૦૦ રાહત કેમ્પોમાં લાખો લોકોને રખાયા**

નવી દિલ્હી

દેશના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે હાલમાં પુરની સ્થિતિ સર્જાયેલી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કેરળ સહિતના ભાગોમાં મોતનો આંકડો હજુ પણ ઝડપથી વધી રહ્યો છે. ગુજરાતમાં પણ મોટી સંખ્યામાં લોકોના મોત થઈ ચુક્યા છે. પુરના કારણે હજુ સુધી આ મોનસુનમાં ૧૦૬૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. ગયા વર્ષે એકંદરે પુરથી ૧૨૧૧ લોકોના મોત થયા હતા. આ વખતે ભારે વરસાદના પરિણામ સ્વરુપે પુરની જટિલ સ્થિતિથી હજુ સુધી કેરળમાં સૌથી વધુ ૧૫૫ લોકોના મોત થયા છે જ્યારે મહારાષ્ટ્રમાં પુરના કારણે ૨૪૫થી વધુ લોકોના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે બંધમાંથી પાણી છોડવાની ફરજ પડી રહી છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષમાં પુર અને ભારે વરસાદથી મોતનો આંકડો હજુ પણ વધી રહ્યો છે. ૨૦૧૬માં ૯૩૬, ૨૦૧૭માં ૧૨૦૦ લોકોના મોત થયા હતા. આ વખતે દેશના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થયો છે. મહારાષ્ટ્રમાં ૨૪૫થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે કેરળમાં ૧૫૫, બંગાળમાં ૧૫૪, બિહારમાં ૧૩૦ અને ગુજરાતમાં ૧૦૭થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે.

સત્તાવાર રીતે આ મોતના આંકડાની સામે બિનસત્તાવારરીતે મોતનો આંકડો આના કરતા વધારે હોઈ શકે છે. દેશભરમાં પુરના કારણે વિવિધ રાજ્યોમાં સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા માટે સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. હજુ સુધી રાજ્ય અને કેન્દ્રીય સંસ્થાઓ દ્વારા ૧૮ લાખથી વધુ લોકોનો સુરક્ષિત સ્થળો ઉપર ખસેડવામાં આવ્યા છે. ૭૮૦૦ જેટલા રાહત કેમ્પો ચાલી રહ્યા છે. જુદા જુદા રાજ્યોમાં કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૧ એનડીઆરએફની ટીમો, ૫૭ આર્મીની ટુકડી, એઆઈએફની ટુકડીઓ ગોઠવવામાં આવી છે. કેરળની વાત કરવામાં આવે તો ડઝનથી વધુ જિલ્લાઓમાં કટોકટી સર્જાયેલી છે. ૭.૫ લાખથી વધુ લોકોને ૨૨ જિલ્લાઓમાંથી સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે જ્યારે મહારાષ્ટ્રમાં ૩૦૫ રાહત કેમ્પોમાં ઘરવિહોણા લોકોને આશ્રય આપવામાં આવ્યો છે. કોલ્હાપુર અને સાંગલીમાં સૌથી વધારે અસર થઈ છે. પુણે, નાગપુર, લાતુર, નાસિક, વર્ધા, અહેમદનગર, થાણે અને ગઢચિરોલીમાં સૌથી વધારે અસર થઈ છે.

**ગુજરાતમાં વરસાદથી મોતનો આંક ૧૦૭ થી વધુ**

## રાજ્યભરમાં વરસાદનું જોર ઘટયું : તંત્ર હજુ સુસજ્જ

**નર્મદા ડેમ પ્રથમ વખત ૧૩૨.૬૧ મીટરની જળસપાટીએ ડેમના ૧૧ દરવાજા ખોલાતાં નર્મદા નદી બે કાંઠે થઇ ગઇ**

અમદાવાદ

ગુજરાતના મોટાભાગ વિસ્તારોમાં ભારે વરસાદ થયા બાદ આજે જોર ઓછું રહ્યું હતું. જો કે, રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાનો દોર જારી રહ્યો હતો. ગુજરાતમાં ભારે વરસાદના કારણે મોતનો ૧૦૭ ઉપર પહોંચી ચુક્યો છે. હાલમાં જ રાજ્યના અનેક ભાગોમાં ભારે વરસાદ થયો હતો જેમાં વડોદરા, સુરત, રાજકોટ, છોટાઉદેપુર, મોરબી અને સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોનો સમાવેશ થાય છે. પુર સંબંધિત જુદા જુદા બનાવોમાં મોતનો આંકડો ગુજરાતમાં વર્તમાન સિઝનમાં ૧૦૭થી ઉપર પહોંચી ચુક્યો છે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં હવે રોગચાળાને રોકવાના પ્રયાસો થઈ રહ્યા છે. બીજી બાજુ વરસાદી ઝાપટાનો દોર જારી રહેશે તેવી આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે. અમદાવાદમાં પણ હળવા ઝાપટા જારી રહેવાની સંભાવના છે. કેવડિયા ખાતે નર્મદા ડેમના ઉપરવાસમાં આવેલાં મધ્યપ્રદેશના ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમના ટર્બાઈન શરૂ કરવામાં આવતાં તેમાંથી ૧.૭૯ લાખ ક્યૂસેક પાણીનો આવરો થઈ રહ્યો છે. જેને પગલે ડેમની સપાટી તેના ફુલ લેવલ ૧૩૧ મીટરથી વધીને અત્યાર સુધીની સૌથી વધુ ૧૩૨.૬૧ મીટરે પહોંચી છે.

જેના પગલે એનસીએ દ્વારા ડેમના ૧૧ દરવાજા ખોલી ૧.૨૧ ક્યૂસેક પાણી છોડવામાં આવતાં હાલમાં કેવડિયા નજીકનો ગોરા બ્રીજ પાણીમાં ગરકાવ થયો છે. હાલ નર્મદા ડેમમાં બે લાખ કયુસેકથી વધુ પાણીની આવક સામે બે લાખ, ૩૮ હજાર કયુસેક પાણીની જાવક નોંધાઇ છે. સરદાર સરોવર નર્મદા બંધના ઉપરવાસમાં વરસાદ અને માધ્ય પ્રદેશના ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમના ટર્બાઈનો દ્વારા પાણી છોડાતા નર્મદા બંધમાં ૧,૭૯,૮૯૨ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જેને પગલે નર્મદા બંધની જળ સપાટી સૌપ્રથમવાર અત્યારસુધીમાં ઐતિહાસિક ૧૩૨.૬૧ મીટરથી ઉપર નોંધાઈ છે. જેને પગલે નર્મદા બંધના ૧૧ ગેટ ખોલવામાં આવ્યા હતા અને તેમાંથી ૨,૩૭,૦૦૦ કયુસેક પાણી છોડવામાં આવ્યું હતું. નર્મદા બંધના ટર્બાઈન સહીત નર્મદા નદીમાં હાલ ૧,૭૯,૬૬૪ ક્યુસેક પાણી છોડવામાં આવતા નર્મદા નદી બે કાંઠે વહી રહી છે અને જેને પગલે ગોરા ખાતે આવેલ બ્રિજ ડૂબી ગયો છે.

ગોરા બ્રિજ ઉપરથી ત્રણ મીટરથી પાણી વહી રહ્યું છે. ગોરા બ્રિજ ડૂબી જતા હાલ અવરજવર બંધ થઈ ગઈ છે. અમદાવાદની એજન્સી દ્વારા એમઓયુ કરી આ સાઈડ વિકસાવવામાં આવી છે. હાલ પાંચ કિ.મી લાંબી રાફટિંગ કરવામાં આવશે. ભવિષ્યમાં ગરુડેશ્વર વિયર ડેમ એટલે કે ૧૫ કિ.મી સુધી લાંબી આ રિવર રાફટિંગ ડ્રાઈવ કરાવવામાં આવશે. જેમાં એક વ્યક્તિના ૧૦૦૦ રૂપિયા ટિકિટ રાખવામાં આવી છે. ગુજરાતમાં સૌપ્રથમવાર રિવર રાફટીંગની મોજ માણી શકશે.

**સુરતથી મોકલવામાં આવેલા પાર્સલ અટવાયા**

## હોંગકોંગમાં વિરોધ પ્રદર્શનના લીધે હિરા વેપાર પર અસર

અમદાવાદ

હોંગકોંગમાં ચાલી રહેલા જોરદાર વિરોધ પ્રદર્શનના કારણે એરપોર્ટને બંધ રાખવાની ફરજ પડી છે જેના પરિણામ સ્વરુપે ગુજરાતના હિરા કારોબાર ઉપર સીધી અસર થઈ છે. ખાસ કરીને સુરતના હિરા કારોબાર ઉપર તેની અસર જોવા મળી રહી છે. સુરતથી હોંગકોંગ મોકલવામાં આવેલા કરોડો રૂપિયાના હિરાના પાર્સલો હાલમાં મુંબઈ એરપોર્ટ ઉપર જ રોકી દેવામાં આવ્યા છે. હિરા ઉદ્યોગના સુત્રોના કહેવા મુજબ સુરતથી હોંગકોંગ માટે દર વર્ષે પાંચ અબજ ડોલરથી વધુના હિરાના કારોબાર થાય છે. ત્યાં પાતલા કદના હિરા મોકલવામાં આવે છે. હોંગકોંગમાં હાલના દિવસોમાં ત્યાંના સ્થાનિક લોકોના શાસન સામે જોરદાર વિરોધ પ્રદર્શન જારી છે. શાસનની સામે જારી રહેલા આંદોલનથી સાવચેતીના પગલારુપે એરપોર્ટને બંધ કરવાની ફરજ પડી છે. ગયા સપ્તાહમાં હોંગકોંગ વિમાની મથક ઉપર ભારે અફડાતફડીનો માહોલ રહ્યો હતો. પોલીસને દેખાવકારો ઉપર મરચાના સ્પ્રેનો મારો ચલાવવાની ફરજ પડી હતી. કોઈપણ અપરાધમાં સામેલ વ્યક્તિને ચીન મોકલી દેવાને લઈને સંબંધિત બિલ મામલે સ્થાનિક લોકોમાં નારાજગી પ્રવર્તી રહી છે. દુનિયાના સૌથી વ્યસ્ત રહેતા હોંગકોંગ વિમાની મથક બંધ થઈ જવાથી દુનિયાના અનેક દેશોના યાત્રીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## ગતકડું....

- દેવન વ્યાસ



આપણી યુવાની તો ડીગ્રી લેવા અને નોકરી શોધવામાં જ પુરી થઈ જાય છે...!

## શેરબજારમાં પ્રવાહી સ્થિતિ રહેવા માટે ભણકારા : કારોબારી ચિંતિત

**ડોલર સામે રૂપિયામાં છેલ્લા સપ્તાહમાં ૩૫ પૈસાથી વધુનો ઘટાડો થયા બાદ ટ્રેડ વોરને લઇને ચિંતા અકબંધ : કારોબારીઓ જોખમ લેવા માટે તૈયાર નથી**

મુંબઈ

શેરબજારમાં જુદા જુદા પરિબળોની અસર જોવા મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બજારની દિશા નક્કી કરવામાં જે પરિબળો ભૂમિકા અદા કરનાર છે તેમાં આરબીઆઈની બેઠક, એફપીઆઈના આં-કડા, સરકારના સંભવિત સ્ટીમ્યુલસ પેકેજ, ડોલર સામે રૂપિયાની ચાલ અને વૈશ્વિક ઘટનાક્રમનો સમાવેશ થાય છે. છેલ્લા સપ્તાહમાં સેંસેક્સમાં ૨૩૧ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૩૭૩૫૦ રહી હતી. નિફ્ટી ઈન્ડેક્સમાં ૬૨ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. સ્થાનિક શેરબજારમાં ૧૨મી અને ૧૫મી ઓગસ્ટના દિવસે ક્રમશઃ બકરી ઈદ અને સ્વતંત્રતા દિવસની રજા રહી હતી. આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં તેજી રહી શકે છે. આરબીઆઈ દ્વારા હવે ૨૧મી ઓગસ્ટના દિવસે ઓગસ્ટની નાણાંકીય નીતિ સમીક્ષાના આંકડા જારી કરવામાં આવશે. રિઝર્વ બેંકે હાલમાં જ બેંચમાર્ક રેપોરેટમાં ૩૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. વિદેશી મૂડીરોકાણકારોએ પહેલી જુલાઈથી ૯મી ઓગસ્ટ વચ્ચેના ગાળામાં ૨૩૫૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. ઓટો ઈન્ડસ્ટ્રીની હાલત કફોડી બનેલી છે.

## પાલનપુરની શુકન સોસાયટીમાં તસ્કરોએ બે મકાનમાં ખાતર પાડ્યું

**રોકડ રકમ અને દાગીના મળી કુલ રૂપિયા ૪.૫૦ લાખના મુદ્દામાલની ચોરી**

પાલનપુર

પાલનપુર હાઈવે સ્થિત શુકન સોસાયટીમાં શનિવારે રાત્રે તસ્કરોએ બે મકાનોમાં ખાતર પાડ્યું હતું. જ્યાંથી રોકડ રૂપિયા તેમજ સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા ૪.૫૦ લાખના મુદ્દામાલની ચોરી કરી ગયા હોવાનું સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું. પાલનપુરમાં પોલીસે એટીએમ ચોરીનો ભેદ ઉકેલ્યો છે. ત્યાં ઘરફોડ ચોરી કરતા તસ્કરોએ પુનઃ પડકાર ફેંક્યો છે. પાલનપુર ખાતે હાઈવે સ્થિત શુકન સોસાયટીમાં શનિવારે રાત્રે તસ્કરોએ બે મકાનોમાં ખાતર પાડ્યું હતું. જ્યાંથી રોકડ રૂપિયા તેમજ સોના- ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા ૪.૫૦ લાખના મુદ્દામાલની ચોરી કરી ગયા હોવાનું સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું. જોકે, આ અંગે પશ્ચિમ પોલીસ મથકના ઓફિસરે હાલમાં તપાસ ચાલુ હોવાનું જણાવી વિગતો આપવાનો ઈન્કાર કર્યો હતો.

# ડીસાના લોધાવાસના રહીશો પાલિકાના પાપે ગંદકીથી પરેશાન

ડીસા

સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત અભિયાન માટે કેન્દ્ર સરકાર લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે. દરેક શહેર અને ગામ સ્વચ્છ રહે તે માટે આ યોજના અમલમાં મુકાઈ છે. પરંતુ સતાધિશોની બેદરકારી અને લાપરવાહીના લીધે લોકોને પરેશાન થવું પડે છે. ડીસા શહેરના લોઘવાસ વિસ્તારની છેલ્લા કેટલાક સમયથી નગરપાલિકાના સતાધિશો દ્વારા સતત અવગણના કરાઈ રહી છે. સમગ્ર ડીસા શહેરમાં નવા રોડ રસ્તા બની ગયા અને એક વર્ષમાં તુટી પણ છે પરંતુ લોકોની હાલાકી ઓછી થતી નથી.




ડીસાના લોઘવાસમાં પણ નગરપાલિકા દ્વારા નવો રોડ બનાવાતો નથી. માત્ર આશ્વાસન આપી નેતાઓ ચૂંટણીમાં વોટ લઈ જાય છે. પરંતુ ચૂંટણી બાદ ચૂટાયેલા સદસ્યો લોઘવાસ વિસ્તારમાં ફરકતા પણ નથી. આ વિસ્તારમાં રોડના અભાવે લોકોને ચાલવામાં ભારે મુશ્કેલી પડી રહી છે અને વાહનચાલકોને પણ અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. અત્યારે ચોમાસામાં તુટેલા રોડના લીધે લોકો કાદવ કીચડમાં ચાલવા મજબૂર બની રહ્યા છે. ખાસ કરીને શાળામાં અભ્યાસ કરતાં બાળકોને સ્કુલડ્રેસ પહેરીને પણ કાદવ કીચડમાં ચાલવું પડે છે અને વિદ્યાથીઓના કપડાં કીચડના છાટાથી બગડી જાય છે. જયારે સરકાર સ્વછ ભારત ની વાતો કરે છે. ને અહીયા પ્રભાત ફેરી કરતા બાળકોને મોઢે રૂમાલ રાખીને નીકળુ પડે છે. આનાથી વધારે ગુલામી શું હોઈ શકે આ વિસ્તારમના લોકો દ્વારા એવા રોષ સાથે જણાવી રહ્યા છે. જયારે આ વિસ્તારના લોકો દ્વારા વારંવાર નગરપાલિકાના પ્રમુખ ચીફ ઓફીસર સહીત સદસ્યો ને લેખિતમાં તથા મૌખિક માં રજુઆત કરી છે. છતાં નગરપાલિકા દ્વારા જાણીજોઈને આ કોઈ રાજકીય નેતાઓ ઈશારે આ વિસ્તારની બાદબાકી કરવામાં આવી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા તાત્કાલિક ડીસાના લોઘાવાસમાં નવો રોડ બનાવાની નગરપાલિકાને આદેશ કરે તેવી લોકોની લોકમાગ ઉઠવા પામી છે.

# વાવ તાલુકા સરપંચ એસો. મંડળના હોદ્દેદારો નિમાયા


વિષ્ણુ પરમાર

## પ્રમુખ પદે રાછેણા સરપંચ કીરણસિંહ રાજપુતની સર્વાનુમતે વરણી કરાઈ

તા.પ્રતિનિધિ વાવ

ગતરોજ તા.૧૮-૮-૨૦૧૯ ને રવિવારના રોજ વાવ તાલુકા પંચાયત કચેરીના સભાખંડ ખાતે વાવ તાલુકાના ૭૮ ગામોના ૫૩ સરપંચોની એક અગત્યની મીટીંગ યોજાઈ હતી. જે પ્રસંગે વાવ તાલુકા સરપંચ એસો.સંગઠનને મજબુત કરવા માટે એક અગત્યની બેઠક યોજી વાવ તાલુકા સરપંચ એસો. મંડળના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં વાવ તાલુકા એસો.સરપંચ મંડળના પ્રમુખપદે રાછેણા ગામના યુવાન સરપંચ કિરણસિંહ રાજપુતની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જયારે મહામંત્રી પદે ઉમેદપુરા સરપંચ જગદીશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ પદે મોરીખા સરપંચ રાયમલભાઈ ચૌધરી, સહમંત્રી પદે કુંભારડી સરપંચ રામાભાઈ પટેલ, કનૈયા મંડપ ડેકોરેશનવાળાની સર્વાનુમતે વરણી કરાઈ હતી. આ વરણીને તમામે તમામ સરપંચ મિત્રો આવકારી લીધી હતી. જોકે યુવાન સરપંચ કિરણસિંહ રાજપુતની રાહબરી હેઠળ વાવ તાલુકા સરપંચ એસો.મંડળ દિન પ્રતિદિન પ્રગતિના શિખરો સર કરી સરપંચ મિત્રોના દરેક પ્રશ્નોના મુદ્દે અગ્રેસર રહેશે તેવો દરેક સરપંચ મિત્રોને દ્રઢ વિશ્વાસ છે. જોકે સરપંચ મંડળની વરણીથી હવે સંગઠન મજબુત બની દરેક પ્રશ્નોને વેગ મળશે.

# ડીસા તાલુકા કોંગ્રેસ સમિતિની કારોબારીની બેઠક મળી

ડીસા

ડીસા તાલુકા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારીની બેઠક તા.૧૭/૮/૨૦૧૯ ને શનિવારે બપોરે સરકીટ હાઉસ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ અને ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ. જેમાં ડીસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોર દ્વારા ઉપસ્થિત તમામ કાર્યકરોને આવકારી સ્વાગત પ્રવચન કરેલ. અને બેઠકનું સંચાલન કરેલ.

ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ દેશમાં બની રહેલ રાજકીય સાંપ્રત ઘટનાઓ વિશે વિસ્તૃત છણાવટ કરેલ તેમજ આગમી ૨૦મી તારીખે ભારતના દિવંગત વડાપ્રધાન અને ૨૧ મી સદીના સ્વપ્નદષ્ટા તેમજ ઈન્ફર્મેશન ટેકનોલોજીના પ્રણેતા સ્વ.રાજીવગાંધીજી ૭૫ મી જન્મ જયંતિ નિમિતે શ્રધ્ધાંજલી કાર્યક્રમમાં જોડાઈને વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા



આહવાન કરેલ.

આ પ્રસંગે તા.પ.ના વિરોધ પક્ષના નેતા રમેશસિંહ વાઘેલા પૂર્વ તા.કોંગ્રેસ પ્રમુખ મથુરજી ઠાકોર, જીલ્લા પંચાયતના પૂ ર્વ સદસ્ય પોપટજી દેલવાડીયાએ ડીસા તાલુકામાં કોંગ્રેસને વધુમાં વધુ મજબુત કઈ રીતે તે માટે પોતાના વિચારો વ્યક્ત કરેલ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. ઉપાધ્યક્ષ જગદીશભાઈ મોદીએ સ્વ.રાજીવ ગાંધીની જીવન યાત્રા અને તેમને કરેલા કાર્યો વિશે વિસ્તૃત વાંચન કરેલ.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ યુવા મંત્રી સંજયભાઈ દેસાઈ, જીલ્લા માલધારી સેલના ચેરમેન શંભુભાઈ દેસાઈ, જી.પંચાયતના ડેલીગેટ જીતેન્દ્રભાઈ રાજગોર, જેઠાભાઈ દેસાઈ, રાજુભાઈ થેરવાડીયા, જીવણજી કુચાવાડીયા, હરીજી મકવાણા, તા.પં.ના ડેલીગેટ જયંતીજી ભુનેશા, કસનાજી જાટ, મગનભાઈ ખટાણા, દામા, પ્રવિણજી સોલંકી, મદારજી સોરાવડા, વલીભાઈ વરાળીયા, મુકેશભાઈ સોલંકી, વસંતભાઈ ટાંક, નરેશભાઈ માળી, નાગજીભાઈ દેસાઈ - દામા, મગનભાઈ ખટાણા - વિરૂણા, ભરતભાઈ સોલંકી,

અનુસંધાન પાના નં.૬

# ખીમાણામાં નાળાનીચે મોટો ભુવો પડતા લોકો ત્રાહીમામ

પ્રતિ. ખીમાણા

કાંકરેજ તાલુકા હાઈવેનાળાની નીચે વરસાદી પાણીનો ભરાવો થતા વાહનોની અવર જવરથી એક મોટો ભુવો પડતા બાઈક સવારો નીચે પડતા હોવાની બુમરાડ છે. જે હાઈવે ઓથોરીટી કોઈ મોટી જાનહાની ન થાય તે પહેલા ભૂવાનું સમારકામ કરે તેવી પ્રજાની માંગ છે. ગામના જાગૃત યુવાન દ્વારા ત્યાં ભુવો છે દિશા સુચક માટે બાવળનો ઢગલો કર્યો તેમ છતાં પાંચ દિવસથી હાઈવે ઓથોરિટ-ીવાળા અવર જવર કરતા હશે પણ આંખઆડા કાન કરી ચાલ્યા જતા હશે. ત્યારે પ્રજાની સમસ્યાને ધ્યાનમાં લઈ બનાસકાંઠાનું લોક તંત્ર જાગશે ખરૂ ? કે પછી ઓથોરિટી ઓઠો લેશે અને નિર્દોષ પ્રજા અટવાતી રહેશે ???

# ઢીમાના શહિદ વિર ખાનાજીને ચતુર્થ પુણ્યતિથિ દિને શ્રદ્ધાંજલિ અપાઈ


વિષ્ણુ પરમાર

## યુવાનોએ નિર્વ્યસની બનવાના પ્રણ લીધા

તા.પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાના ઢીમા ગામના વિર શહિદ ખાનાજી રામાજીની ૧૭/૮/૧૯ ના રોજ ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અપાઈ હતી. જેમાં ઢીમા ગામના સમસ્ત યુવાનોએ નિર્વ્યસની બનવાના પ્રણ લઈને વિર શહિદને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વિર શહિદ ખાનાભાઈ એ ૧૭/૮/૨૦૧૫ના રોજ જમ્મુ કાશ્મીરમાં દુશ્મનો સાથેની લડાઈમાં વિરગતી પામ્યા હતા. ખાનાભાઈએ પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ ઢીમામાં લીધું હતું જયારે ઉચ્ચતર શિક્ષણએ થરાદની ગાયત્રી હાઈસ્કુલમાં પૂર્ણ કરી દેશ સેવા કરવાની ઈચ્છા હોઈ આર્મીમાં ભરતી થયા હતા. આશરે માત્ર ૨૬ વર્ષની ઉંમરે તેમણે દેશ સેવામાં પોતાનું સર્વસ્વ ન્યોછાર કરી મા ભારતીની રક્ષા કાજે પોતાના પ્રાણની પણ આહુતિ આપી દીધી અને સમગ્ર યુવાનો માટે પ્રેરણા રૂપ બન્યા છે. તેઓ એક ખેડૂત પરિવારમાં જનમ્યા હતા અને તેમણે અભ્યાસની સાથે તેમના પિતાજીને ખેતી કામમાં પણ મદદરૂપ બનતા હતા. વિર ખાનાભાઈએ બાળપણથી જ દેશદાઝ અને દેશ પ્રેમની વૃત્તિ ધરાવતા હતા. શનિવારના રોજ ઢીમાના સમસ્ત યુવાનોએ ફૂલ અર્પણ કરી તેમને શ્રધધાંજલિ અર્પણ કરી હતી. તેમજ નિર્વ્યસની બનવાના પ્રણ લીધા હતા. સાથે સાથે તેમની યાદમાં શહિદ સ્મારક બનાવવાની માંગ કરી છે. તે સત્વરે સરકાર દ્વારા પૂરી કરાય તેવી પણ આશા વ્યક્ત કરી હતી.

# મહિલા જાગૃતિ અને કામના સ્થળે જાતીય સતામણી અંતર્ગત સેમિનાર યોજાયો

પાલનપુર

બનાસકાંઠા તેમજ પાટણ જિલ્લા પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે મહિલા જાગૃતિ અને સેક્સુયઅલ હેરસેમેન્ટ ઓન વર્ક પ્લેસ અંતર્ગત આજે રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય ડો.રાજુલબેન દેસાઈના અધ્યક્ષસ્થાને પાલનપુર ખાતે કાનુભાઈ મહેતા હોલમાં સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં પાલનપુરના નામચીન ધારાશાસ્ત્રીઓએ મહિલાઓ માટેની કાનૂની જોગવાઈઓમાં થયેલા સુધારાઓ અને મહિલાલક્ષી કાયદાનો કેવી રીતે ઉપયોગ થઈ શકે એ બાબતે વિશે ઉપસ્થિત મહિલાઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત કેન્દ્રીય મહિલા આયોગના સદસ્યા ડો.રાજુલબેન દેસાઈએ કેન્દ્ર સરકારે મહિલાઓની સલામતી માટે બનાવેલા કાયદાઓ પર પ્રકાશ પાડી કોઈપણ પીડિત મહિલા ક્યાં, કેવા સમયે અને કઈ રીતે આ કાયદાનો ઉપયોગ લઈ શકે છે અને ક્યા સંજોગોમાં પોતાની ફરિયાદ નોંધાવી શકે એ અંગે ઉપસ્થિત પોલીસ અધિકારીઓ, જવાનો અને ખાસ મહિલા જવાનોને ઉપયોગી માહિતી આપી હતી. આ સેમિનારમાં બનાસકાંઠાના પોલીસ અધિક્ષક પ્રદીપ સેજુલ, પાટણના પોલીસ અધિક્ષક શોભા ભૂતડા, થરાદના મદદનીશ પોલીસ અધિક્ષક અજિત રાજયણ, પીઆઈ, પીએસઆઈ કક્ષાના પોલીસ અધિકારીઓ તેમજ મહિલા કોન્સ્ટેબલ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માહી ડેરી ખાતે મામલતદાર અને ટીડીઓનું સન્માન કરાયું


સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

વડગામના માહી ખાતે તાલુકા કક્ષાના ૭૩ માં સ્વતંત્રપર્વની ઉજવણી વડગામ મામલતદાર આર. સી. ઠાકોરની અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. દરમિયાન મામલતદાર આર.સી.ઠાકોર, તાલુકા વિકાસ અધિકારી એ.એચ.પરમાર , ઈન્ચાર્જ તાલુકા પંચાયત પ્રમુખ બદાજી ઠાકોર, તાલુકા ભાજપ મહામંત્રી ગોવિદભાઈ ચૌધરી, દશરથજી ઠાકોર, બાલકૃષ્ણ જીરાલા મહેબૂબભાઈ મનસુરી સહિતના આગેવાનો એ માહી દૂધ મંડળીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. દરમિયાન ડેરીના યુવા ચેરમેન કેશરભાઈ ચૌધરી અને મંત્રી વાલજીભાઈ ચૌધરી દ્વારા તમામ મહાનુભાવોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. યુવા ચેરમેન કે.પી. ચૌધરી દ્વારા દૂધ મંડળીની પ્રગતિ અંતર્ગત ઉપસ્થિત અધિકારીઓ સહિત આગેવાનોને અવગત કરાયા હતા. મામલતદાર અને ટીડીઓ દ્વારા દૂધ મંડળીની પ્રગતિને લઈ ચેરમેનને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## અઢાર વર્ષની ઉંમરે દેશ માટે ફાંસીએ ચડી જનાર

# ખુદીરામ બોઝને ભાવાંજલિ અર્પતો કાર્યક્રમ યોજાયો



પાલનપુર

દેશ માટે શહીદ થનાર અનેક વીરોને સ્મરણાંજલિ આપવાનો કાર્યક્રમ એટલે ઓગસ્ટ મહિનો.

પાલનપુર લાયન્સ ક્લબ દ્વારા આ વખતે ઓછા જાણીતા છતાં યુવાનો માટે આંદોલન બની જનાર ખુદીરામ બોઝને ભાવાંજલિ આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આપણે ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, સુખદેવ અને રામપ્રસાદ બિસ્મિલ જેવા યુવાનો જે ફાંસીએ ચડી ગયા તેમને જાણીએ છીએ પણ એવો એક યુવાન હતો ખુદીરામ બોઝ સોળ વર્ષની ઉંમરે ખુદીરામ બોઝે આઝાદીની લડતમાં ઝંપલાવ્યું હતું. તે પકડાયો અને તેને ૧૮ વર્ષની ઉંમરે ૧૧/૮/૧૯૦૮ માં ફાંસી આપવામાં આવી હતી.

કેથલિક આશ્રમમાં યોજાયેલ કાર્યક્રમમાં શાળના વિદ્યાર્થીઓએ ખુદીરામ બોઝના જીવનને દર્શાવતાં વક્તવ્યો, દેશભક્તિનાં ગીતો તથા ખુદીરામ વિશે લખાયેલ એકાંકી નાટક રજુ કર્યુ હતું. આ પ્રસંગે ડો.સુરેન્દ્ર ગુપ્તા, પાલનપુર લાયન્સ ક્લબના પ્રમુખ નરેન્દ્ર પટેલ, મંત્રી મનીષ ઠક્કર, એન.આર.આઇ લાયન મેમ્બર વસંત ગજ્જર, એન.આર.જી. લાયન મેમ્બર વાસુદેવ મોદી, વિગેરે હાજર રહ્યા હતા.

ફાધર સાલ્વાડોર તથા ફાધર ડોમીનિકે કાર્યક્રમનું વિશિષ્ટ આયોજન કર્યુ હતું. આ પ્રસંગે ડો.સુરેન્દ્ર ગુપ્તાએ કેથલિક આશ્રમને ત્રણ ચબુતરા અને પાંચ બાંકડા આપ્યા હતા. વિદ્યાર્થીઓ ખુદીરામ બોઝ વિષે જાણીને ભાવવિભોર બન્યા હતા.

# ડીસાથી રામદેવરા સેવા કેમ્પનું પ્રસ્થાન



ડીસા

ડીસાની સેવાભાવી સંસ્થા એવા શ્રી રામદેવ સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૫વર્ષથી રામદેવરા પોખરણ મુકામે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે સંઘ આજે વાજતે ગાજતે ડીસાના રિજમેન્ટ વિસ્તાર માંથી ડીસા ધારાસભ્ય શશીકાન્ત પંડ્યાના વરદ હસ્તે શ્રીફળ વધેરી કેમ્પને ડીસાથી પોખરણ મુકામે પ્રસ્થાન કરાવ્યુ હતું આ પર્સનગે ડીસાના સેવા કેમ્પના શંકરભાઈ કતીરા સહિત બાદરસિંહ વાઘેલા મહેશભાઈ દવે શાન્તુંભા વાઘેલા સહિત ભાજપના અગ્રણીઓ ભડથના આગેવાનો સહિત મોટી સંખ્યામાં સેવાભાવી સંસ્થાઓના આગેવાનો પણ જોડાયા હતા.

# એનએસયુઆઈ દાંતા તરફથી અંબાજી કોલેજને અલ્ટીમેટમ અપાયું

પ્રતિનિધિ અંબાજી

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ હસ્તકની અંબાજી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના કુલરના પાણી માં જેરી પદાર્થ મળી આવ્યો હતો જેને લઈને એન.એસ.યુ.આઈ તરફથી તારીખ ૧૦ ઓગસ્ટના રોજ અંબાજી મંદિર ખાતે અધિકારીગણ ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે કસૂરવારો સામે તાત્કાલિક ધોરણે પગલાં ભરવા પરંતુ દસ દિવસ ઉપર સમય વીતવા છતાં કોઈજ પગલા ન લેવાતા આજે ફરીથી એનએસયુઆઈ દ્વારા અંબાજી મંદિરને જાણ કરવામાં આવી હતી.

આજે મોકલેલા પત્રમાં એનએસયુઆઈના દાંતા તાલુકા પ્રમુખ ભવાની સિંહરાઠોડ તરફથી કડક શબ્દોમાં અંબાજી મંદિર ટ્રસ્ટ ને ચેતવણી આપવામાં આવી છે તારીખ ૨૦ ઓગસ્ટના રોજ એન.એસ.યુ.આઈ દ્વારા વિદ્યાર્થીના હિતને અનુલક્ષીને અંબાજી મંદિરની કોલેજને તાળાબંધી કરીશું સાથે પ્રદર્શન પણ કરીશું, ફોટોમાં વધુમાં તેમને જણાવ્યું હતું કે પ્રદર્શન દરમિયાન સ્ટુડન્ટ યુનિયન ને કોઈપણ જાતની હાનિ પહોંચે તો તેની જવાબદારી તમારી રહેશે.

# દીઓદર તાલુકા પંચાયત ખાતે ધ્વજવંદન


અશોક શેઠ

તા.પ્રતિ. દીઓદર

દીઓદર તાલુકા પંચાયતના પ્રાંગણમાં ૭૩મા સ્વાતંત્ર્ય પર્વના દિને તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણસિંહ વાઘેલાના હસ્તે ધ્વજવંદન યોજાયેલ. તેઓએ પ્રાસંગીક પ્રવચન કરેલ. આ પ્રસંગે સીનીયર એડવો-કેટ બી.કે.જોષી, તા.પં.પ્રમુખ બળવંતજી ઠાકોર, યુથ કોંગ્રેસના પ્રમુખ બળદેવ બારોટ, દાઉદભાઈ મેમણ, ભદ્રસિંહ રાઠોડ, એમ.ડી.મકવાણા, સહીત શાળાઓના બાળકો, શિક્ષકો, ગ્રામજનો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન જામાભાઈ પટેલે કર્યું હતું. આભાર વિધિ આચાર્ય ભાટીએ કરેલ.

## સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે

# 'ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક ફ્રી કેમ્પસ'ના અભિયાનની ઉજવણી


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના પર્યાવરણ સંરક્ષણના કાર્યક્રમ અંતર્ગત 'નેશનલ ગ્રીન કોર્પ્સ' યોજના હેઠળ રાજ્ય સ્તરીય નોડલ એજન્સી ' ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરના સહયોગથી યુનિવર્સિટી હસ્તકની કોલેજ ઓફ રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જીનીયરીંગ ખાતે નવરચિત 'સરદાર પટેલ ઈકો ક્લબ' દ્વારા તારીખ ૮ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ 'ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક ફ્રી કેમ્પસ' જન - જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ.

આ પ્રસંગે યુનિવર્સિટી કેમ્પસ ખાતે આયોજન કરવામાં આવેલ જન જાગૃતિ રેલીનું કુલપતિ ડો.આર.કે.પટેલ દ્વારા યુનિવર્સિટીના અધિકારીઓની હાજરીમાં પ્રસ્થાન કરાવેલ. અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ તેમજ 'ગીર' ફાઉન્ડેશન તરફથી નાયબ નિયામક ડી.સી. મહેતાએ પર્યાવરણની જાળવણી તેમજ પ્લાસ્ટિકના બિન - વ્યવહારુ ઉપયોગથી થતા નુકશાન અંગે માહિતી આપેલ. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન આચાર્ય ડો.બી.એસ. દેવરાની રાહબરી હેઠળ જે.આર. સામરીયા, પી.ડી. ચાવડા, પી.એમ.પટેલ અને મહાવિદ્યાલયની ટીમ દ્વારા કરવામાં આવેલ.

# પારપડા ખાતે વન મહોત્સવની ઉજવણી કરાઈ



પાલનપુર

સામાજિક વનીકરણ વિભાગ બનાસકાંઠા દ્વારા પાલનપુર તાલુકાના ૭૦મો વન મહોત્સવ - ૨૦૧૯ની તાલુકા સ્તરીય ઉજવણી આજરોજ પારપડા ખાતે કરવામાં આવી હતી. પાલનપુરનાં ધારાસભ્ય મહેશભાઈ પટેલ નાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં ગ્રીન ગુજરાત, કલીન ગુજરાત અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનોને વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું જતન કરવા અપીલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે નાયબ કલેકટર એ.ડી. જોષી,મામલતદાર એચ. વી.પટેલ, નગરપાલિકા પ્રમુખ હેતલબેન રાવલ, તાલુકા પંચાયત પ્રમુખ લક્ષ્મીબેન સોમાભાઈ કાળમા, નાયબ ટીડીઓ ધર્મેશભાઈ વ્યાસ, ભાજપ અગ્રણી ભગવાનભાઈ કુગશીયા, રાજુભાઈ ડાભી, પારપડા ગામનાં સરપંચ સહિત તાલુકાનાં પદાધિકારીઓ, આગેવાનો, ગ્રામજનો તેમજ શાળાના બાળકો હાજર રહ્યા હતા. જેઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા રેન્જ ફોરેસ્ટ ઓફિસર વી.વી. ચારણ સહિત કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.।

# ગાંધી સરદાર પ્રતીમાઓની એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ સફાઈ કરી

ડીસા

ભારત સરકારના સ્વચ્છતા મિશનને સાર્થક કરવા ડીસાની ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા પ્રોગ્રામ ઓફીસર પ્રો.આશાબેન આર.ચૌધરીના નેતૃત્વમાં તા.૧/૮/૨૦૧૯ થી તા.૧૫/૮/૨૦૧૯ દરમિયાન સ્વચ્છતા પખવાડિયા ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા પખવાડિયા ઉજવણી અંતર્ગત તા.૩/૮/૨૦૧૯ ના રોજ કોલેજ પરિસર સફાઈ, તા.૭/૮/૨૦૧૯ ના રોજ રોપારોપણ, તા.૮/૮/૨૦૧૯ ના રોજ સ્વચ્છતા શપથ તા.૧૦/૮/૨૦૧૯ ના રોજ સ્વચ્છતા સેવા રેલી, તા.૧૪/૮/૨૦૧૯ ના રોજ પ્રતિમા સ્વચ્છતા અને ચર્ચા ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો પૈકી આ ચાર કાર્યક્રમ કોલેજ પરિસરમાં આયોજિત કરવામાં આવ્યા હતા. જ્યારે સ્વચ્છતા જાગૃત રેલી અને મહાપુરૂષોની પ્રતિમા સ્વચ્છતા કાર્યક્રમોમાં ડીસા નગરપાલીકા અને વનવિભાગનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો પ્રોગ્રામ ઓફિસર આશાબેન ચૌધરીના નેતૃત્વમાં ઉજવાયેલ સ્વચ્છતા પખવાડિયાના વિવિધ કાર્યક્રમોમાં કોલેજના આચાર્યા વંદનાબેન સિસોદીયા પ્રો.ડો.ભાનુભાઈ પટેલ,

અનુસંધાન પાના નં.૬

# જુના નેસડા ખાતે બનાસકાંઠા સાંસદની સાકરતુલા

ડીસા

ડીસા તાલુકાના જુના નેસડા ખાતે બનાસકાંઠાના સંસદસભ્ય પરબતભાઈ પટેલની સાકરતુલા કરાઈ હતી. નવા નેસડા ગામના વતની અને ભીલડીના વેપારી લાલજીભાઈ પટેલે ગત લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલ જંગી બહુમતીથી જીતી દિલ્હી જાય તો હું તેમની સાકરતુલા કરવાની માનતા માની હતી.આ શ્રદ્ધા ફળતા શનીવારે તેમણે જુના નેસડા ખાતેના રસાણીયા હનુમાન મંદિરમાં પરબતભાઈ પટેલની સાકરતુલા કરી માનતા પૂર્ણ કરી હતી.આ પ્રસંગે જીલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, જુનાનેસડાના મહંત નેપાળી બાપુ તેમજ અન્ય અગ્રણીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પરબતભાઈ પટેલને શુભ કામનાઓ પાઠવી હતી. સંસદસભ્ય પરબતભાઈ પટેલ પણ બનાસકાંઠાના પ્રશ્નોને વાચા આપી ક્રમશઃ દરેક પ્રશ્નનો ઉકેલ લાવવાની ખાત્રી આપી હતી.આ પ્રસંગે કોગ્રેસના આગેવાન અને જુનાનેસડા ગામના પૂર્વ સરપંચ જગતાજી રાઠોડ તેમજ નવાનેસડાના પૂર્વ કોંગ્રેસ અને તાલુકા ડેલીકેટ તરસંગજી રાઠોડ ભાજપમાં જોડાતા તેમનું ખેશ પહેરાવી સ્વાગત કરાયું હતું.

# તંત્રી સ્થાનેથી...

**વિપતિઓમાં મિત્ર પણ વિપરિત બની જાય છે.**

## રાજ્યમાં આરોગ્ય લક્ષી યોજનાના લાભથી રાજસ્થાનના દર્દીઓ વંચિત

કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્ય સંદર્ભે બહાર પાડવામાં આવતી તમામ યોજનાઓનો લાભ દર્દીઓને પ્રાપ્ત થવો જોઈએ. રાજસ્થાન કે અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં આવતા દર્દીઓને યોજનાનો લાભ મળતો નથી. ત્યારે રાજસ્થાનમાંથી આવતા દર્દીઓને વડાપ્રધાન દ્વારા સૂચવેલી આરોગ્યલક્ષી યોજનાના લાભથી વંચિત રહેવું પડે છે.

રાજ્યમાં વર્ષે દહાડે ખૂબ જ મોટી સંખ્યામાં રાજસ્થાનના દર્દીઓ સારવાર કરાવવા માટે આવતાં હોય છે. આમાં મોટાભાગે સામાન્ય વર્ગના ગરીબ પરિવારોને તેમના રાજ્યમાં જરૂરી સારવાર મળતી ન હોવાથી ગુજરાતમાં આશા સેવી આવે છે.

રાજસ્થાનના દર્દીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ મળતો નથી. તેથી રાજ્યની સરકારી તેમજ ગ્રાન્ટેડ હોસ્પિટલો પર પ્રાંતિય દર્દીઓના ખર્ચનું ભારણ વધી રહ્યું છે, દેશમાં રાજસ્થાન આરોગ્ય બાબતે ખૂબ જ પછાત રાજ્યો પૈકીનું એક છે. રાજસ્થાનના લોકો અમદાવાદ ખાતે તેમના સગા-સંબંધી રહેતા હોવાથી રાજસ્થાનમાંથી દર્દીઓ ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદની હોસ્પિટલોમાં સારવાર કરાવવા આવે છે.ગુજરાતની સરકારી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં દર્દીઓને ઉચ્ચ ગુણવત્તાવાળી સારવાર મળતી હોવાથી મોટાભાગના દર્દીઓ અમદાવાદની સિવીલ કેમ્પસમાં આવેલી હોસ્પિટલોમાં સારવાર લેતા હોય છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દેશના ૧૦ કરોડ પરિવારોને રૂા.પાંચ લાખ સુધીના સારવારના ખર્ચમાં રાહત અપાઈ છે. પરંતુ આ રાહત ત્યારે ૧૦ કરોડ પરિવારોને રૂા.પાંચ લાખ સુધીના સારવારના અર્થમાં રાહત અપાઈ છે. પરંતુ આ રાહત ત્યારે જ મળી શકે છે જ્યારે જે તે રાજ્ય સરકારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે એમ.ઓ.યુ. કરાર કર્યા હોય દેશના નવ રાજ્ય અને એક કેન્દ્ર શાસિત પ્રદેશે સદર યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર સાથે એમ.ઓ.યુ. કર્યા નથી. તેથી જ આ રાજ્યોના નાગરિકોને તેના લાભ અમદાવાદની હોસ્પિટલોમાં મળી શકતો નથી. સદર યોજનામાં ન જોડાયેલા રાજ્યોમાં રાજસ્થાન પણ છે.વડાપ્રધાન દ્વારા બહાર પડેલી યોજના સાથે મોટા ભાગના રાજ્યો વર્તમાન કેન્દ્ર સરકાર કરતા અલગ વિચારધારા ધરાવે છે જેથી રાજસ્થાનના દર્દીઓને યોજનાના લાભથી વંચિત રહેવું પડે છે. જેથી ત્યાંના ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને રાજસ્થાન પરત જવું પડે છે. આ સમસ્યા તેમના માટે ગંભીર બની ચૂકી છે.

જે રાજ્યોએ કેન્દ્ર સરકાર સાથે એમ.ઓ.યુ. કરાર કયા કારણસર કર્યા નથી તેની પાછળનું એક જ કારણ હોઈ શકે કે તેમનું વિરોધાભાસી વલણ હોવાના કારણે તેમના રાજ્યોના દર્દીઓને ભારે હાલાકી ભોગવવાના દિવસો આવ્યા છે. જો પોતાના રાજ્યના નાગરિકોને લાભ અપાવવો હોય તો જે-તે રાજ્યોએ સદર યોજના હેઠળ કુલ ખર્ચના ૪૦ ટકા ભાગ કેન્દ્ર સરકારને આપવો પડતો હોય છે પરંતુ આ રાજ્યોએ કરાર કરવા માટે કોઈ તૈયારી બતાવી નથી. તેથી ગુજરાતમાં આવતા દર્દીઓને પરત જવું પડે છે. રાજ્યની સિવિલ કેમ્પસની યુ.એન.મહેતા, કીડની કેન્સર અને જનરલ સિવિલ હોસ્પિટલમાં દાખલ થતા રાજસ્થાનના દર્દીઓના ખર્ચનું ભારણ હોસ્પિટલોના માથે આવે છે. આ હોસ્પિટલોએ દાનમાં મળતા રૂપિયામાંથી દર્દીઓને મદદ કરવી પડે છે. ત્યારે વર્તમાન સંજોગોમાં આંધ્રપ્રદેશ, આસામ, દિલ્હી, કર્ણાટક, કેરળ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, તામીલનાડુ અને પ.બંગાળ રાજ્યોએ એમઓયુ કર્યા નથી.

## ગુજરાત સાયન્સ સિટી ખાતે નેશનલ અને ઈન્ટરનેશનલ સાયન્સ ઓલમ્પિયાડ પર ઓરિએટેશન પ્રોગ્રામનો મેથ્સ સાથે પ્રારંભ



ગુજરાત સાયન્સ સિટી ખાતે નેશનલ એન્ડ ઈન્ટરનેશનલ સાયન્સ ઓલ્મપિયાડ પર ઓરિએટેશન પ્રોગ્રામ નો પ્રારંભ મેથ્સ સાથે થયો છે. અમદાવાદની સ્કૂલ ના ૧૧ અને ૧૨ માં ધોરણ ના વિદ્યાર્થીઓ ને એલ્જેબ્રા,જોમેટ્રી , નંબર થીયરી અને કોમ્બિનેટ્રિક્સ માં પ્બ્રોલેંસ ના સમાધાન માટે અને નેશનલ ઓલ્મપિયાડ ની તૈયારી માટે માર્ગદર્શન અપાયું.

સેંટ ઝેવિયર ના કોલેજના પ્રોફેસર અને રિજનલ કોર્ડિનેટર (ગુજરાત ) ,ડો. ઉદયન પ્રજાપતિ એ દૈનિક જીવન માં મેથેમેટીક્સ ના ઉપયોગથી માહિતગાર કર્યા . પ્રજાપતિના જણાવ્યા મુજબ "ફિજીક્સ ,કેમેસ્ટ્રી અને બાયોલોજી ની જેમ મેથેમેટીક્સ ને લેબોરેટરીની જરૂર નથી. જ્યાં પેન , પેપર , પ્રોબ્લેમ અને મગજ સાથે આવે છે ત્યા લેબ બની જાય છે."

સેશન ને રસપ્રદ બનાવતા , ડો. પ્રજાપતિ એ ૩૪!નું (૩૪ ફેકટોરિયલ-ક્રમ ગણિત ) નું સોલ્યુશન આપ્યું જે માં ૪ ડિજિટ નહતા . કંબાઈનેટ્રિક્સનો ઉપયોગ સમજાવતા ડો. પ્રજાપતિએ જવાબ શોધવામાં મદદ કરી તેમણે ઉમેર્યું કે " વિદ્યાર્થીઓ હોશિયાર હોય છે પણ તેમણે આવા ટ્રિકી પ્રશ્નો માટે આવી કેટીલિક ટ્રિક જણાવી જરુરી હોય છે. આ પ્રકારના પ્રશ્નો ઈન્ટરનેશનલ ઓલમ્પિયાડ માં પૂછાતા હોય છે. અને કોઈ પણ પ્રશ્ન ક્યારેય ફરી પૂછાતો નથી. કોઈ નેશન ની ઓલમ્પિયાડ માં પૂછાયેલ પ્રશ્ન પણ ક્યારેય ફરી પૂછાતા નથી."

ત્યાર બાદ સેંટ ઝેવિયર કોલેજ ના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સાવન પટેલે તર્ક ના ઉપયોગ દ્વારા એલઝેબ્રા ના પ્રશ્નો નું કેવીરીતે ઉકેલી શકાય તે સમજાવ્યું. બીજો સેશન બસ્તર યુનિવર્સિટી છત્તીસગઢના રજીસ્ટાર અને છત્તીસગઢ આરએમો ના રિજનલ કોર્ડિનેટર ડો. વિનોદકુમાર પાઠક દ્વારા લેવામાં આવ્યો. તેમણે જટિલ ટોપીક કોચી સ્કાવર્ઝ ઈનઈક્વાલિટી અને છર્સ –પ્સ ઈનિક્વલિટી પસંદ કર્યો .

ડો. પાઠકે વિદ્યાર્થીઓએ ને ઉદાહરણ સાથે ઝજૈં વિષે સમાજ આપી અને ત્યાર બાદ ગવર્નમેંટ પોલિટેકનિક ગાંધીનગર ના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સચિન ગજ્જરે ઓલમ્પિયાડ માં પૂછાતા વિવિધ પ્રકાર ના નંબર થીયરી ના પ્રશ્નો વિષે માહિતગાર કર્યા.

રવિવારે વિષય નિષ્ણાતો અને કેમેસ્ટ્રી સ્કૉલર્સ દ્વારા લેકચર લેવાશે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# રક્તપિતગ્રસ્ત અને મંદબુધ્ધિ ધરાવતા એકને સાચવવો મુશ્કેલ હોય ત્યારે આ ટ્રસ્ટ આટલા બધા લોકોને કેવી રીતે સાચવતા હશે ?





'કયારેક કોઈની લાચારીમાં જીવવાનું થાય ત્યારે તે એના માટે ખુબ કષ્ટવાળું જીવન બની રહે છે. પણ મજબુરી હોવાથી તેનાથી કંઈપણ થઈ શકતું નથી.' આ વાકય લખવાની જરૂરીયાત એમ ઉભી થઈ કે થોડા દિવસ પહેલાં ગુરૂપૂર્ણિમાના રૂડા અવસરે ગામે જવાનું થયું. ગુરુપૂર્ણિમા મહોત્સવ રંગેચંગે મણાવ્યા પછી હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે રાજેન્દ્રનગર ચોકડી ઉપર આવેલ સહયોગ, કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટની મુલાકાત લેવા ગયા. આખી જીંદગીની આ એવી મુલાકાત હતી કે, જેને જીવનભર ભુલી શકાય તેમ નથી.

જ્યારે આપણા ઘરે આપણું જ સંતાન કોઈક ગંભીર બીમારીનો ભોગ બને ત્યારે આપણે જ મોં ફેરવી લેતાના હોઈએ છીએ. હા કોઈક એવા સંવેદનાને સમજે તેવા હોય પણ ગણ્યાગાંઠયા પરંતુ અહીં કેટલાય બાળકોને સેવા અપાઈ રહી છે. એમાં પછી તે બાળક હોય, મોટા હોય, સ્ત્રી કે પુરૂષ હોય તેની સંભાળ વિશેષ રીતે આપવામાં આવી રહી છે.

આ સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટમાં તમામ પ્રકારના વિકલાંગો જેવા કે તદન અપંગ, અર્ધઅપંગ, રકતપિતગ્રસ્તો, મંદબુધ્ધિવાળા (ઓટીસ્ટીક,માઈલ્ડ મોડરેટ, પ્રોફાઈડ) માટે નિવાસી સુશ્રુષા અને તાલીમ કેન્દ્ર તથા રકતપિતગ્રસ્તોના સંતાનો માટે છાત્રાલયની સુવિધા છે જે વિકલાંગોની ગુજરાતની સૌથી મોટી રેસીડેન્શિયલ સંસ્થા તરીકે જાણીતી છે. જેમાં નિરાધાર લોકો આશરો લઈ રહ્યા છે.માત્ર આશરો લઈ રહ્યા એવું નથી. આવા લોકો પુનઃ સામાન્ય જીવન જીવી શકે તેવી તાલીમ અહીંના સ્ટાફમિત્રો દ્વારા અપાય છે.

સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ માટે માઢીવાળા શ્રી રામુભાઈ પટેલે સામે ચાલીને વિના શરતે ૩૧.૭૫ એકર જમીન દાનમાં આપી. ત્યારે ઘડીક પળ આપણને જરૂર થાય કે આવા પણ દાનવીર હજુ આ ધરા ઉપરથી ઓછા થયા નથી. તા.૧૪-૯-૧૯૮૮ ના રોજ સૌ પ્રથમ આ કેન્દ્રમાં ૨૦ રકતપિતગ્રસ્તો અને ૬ બાળકોને નવી જીંદગીના શ્વાસ લેવાનો પ્રારંભ કર્યો ત્યારથી આજ સુધી કેટલાય લોકો આ ટ્રસ્ટના આશરા નીચે જીવન જીવી રહ્યા છે.

**'અય દિલ મુઝે ઐસી જગા લે ચલ..**
**જહાં કોઈ ના હો, અપના પરાયા**
**મહેરબાં કોઈ ન હો..'**
**જા કર નહીં ખો જાઉં મેં.. નીંદ આયે**
**ઔર સો જાઉં મૈ...**
**દુનિયા મુઝે ઢુંઢે મગર, મેરા નિશાં**
**કોઈ ના હો..'**

પંક્તિઓ રકતપિતગ્રસ્ત રોગવાળા લોકો વાગોળતાં હોય અને કહી રહ્યા હોય છે કે હવે એક જ આશરો ઈશ્વરનો છે. કુટુંબ પણ સાચવવા તૈયાર નથી. સમાજ પણ અવગણના કરે છે ત્યારે આવા લોકોની પડખે આ સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ આવ્યું છે.

સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટની મુલાકાત લીધી ત્યારે અનાયાસે શબ્દો સરી પડયા કે 'મંદિરો ઘણા જોયા તીર્થો પણ ઘણા જોયા પરંતુ આવું પરમ પુનિત તીર્થ આજે પહેલી વખત જોયું'. જ્યારે એક મંદબુધ્ધિના બાળકને સાચવવા માબાપ તથા સગા પણ મોં ફેરવી લેતા હોય છે ત્યારે કેટલાય વર્ષથી અવીરતપણે સેવા કરનારને સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી સુરેશભાઈ સોની તથા તેમની તમામ ટીમને આ ક્ષણે સલામ. તેમનો મો.નં. ૯૮૨૫૦૧૧૧૮૫ છે.

૧૯૯૪ માં સરકારી સંસ્થાવાળા ૧૪-૧૬ વર્ષના મંદબુધ્ધિવાળી ગભરૂ એક યુવતીને સગર્ભાવસ્થામાં જ અહીં મુકી ગયેલા. તે સમયની તે ભારે ચીડીયાપણાવાળી નખ્ખોરીયા, ભરતી, ગાળો દેતી અને આજે એ યુવતી 'જેશ્રીકૃષ્ણ' બોલતી થઈ..

મંદબુધ્ધિવાળી આવી બહેનો અહીં રહીને યથાબુધ્ધિ તાલીમ લઈ રહી છે. ભાઈઓ અને બહેનોમાંથી કેટલાયના વાલીવારસોની તો કોઈ જાણ જ નથી.

મંદબુધ્ધિવાળા પોતાને માટે અને પોતાના સ્વજનો માટે જીંદગીભર સમસ્યાઓ વધારતા રહે છે. નિષ્ઠુર સમાજ એમની હાંસી કરી ચીઢવીને ગાંડપણ તરફ ધકેલે છે. માતા પિતા ન ચેનથી જીવી શકે, ન મરી શકે. તેમને સ્પીચથેરાપી, વર્તન સુધારણા, વોકેશનલ ટ્રેનીંગ વગેરે જેવી તાલીમ અપાય છે. ગીત, સંગીત, રમતગમત જેવી વિશિષ્ટ તાલીમ પણ આપવામાં આવી છે. વધુમાં આ ટ્રસ્ટમાં જુદા જુદા નગરોમાં કોલોનીઓમાં રહેતા ભિક્ષુકો કે છુટક મજુરી કરતા રકતપિત ગ્રસ્તોનાં તથા ગરીબ માબાપના બાળકો અહીં રહીને સર્વાંગી વિકાસ કરે છે. ટ્રસ્ટ તેમને મફત રહેવાની, શિક્ષણની, ભોજનની, ટ્યુશનની સેવાઓ આપે છે. અહીં રમતગમત, પ્રવાસ, સાંસ્કૃતિક જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ નિયમિત થાય છે.

અમને એ દિવસે વિશાળ જગ્યામાં બનાવેલી આ ટ્રસ્ટની મુલાકાત કરાવવામાં સહભાગી થયેલ એ કર્મચારી જ્યારે અમને ફરી ફરીને બધું બતાવી રહ્યો હતો ત્યારે અમારા માણસોમાંથી કેટલાકની આંખો ભીની થઈ ગઈ હતી. એ દ્રશ્યો જ એવા હતા કે અનાયાસે એ લાગણીસભર દ્રશ્યોથી આપણું હૃદય દ્રવી ઉઠે... અને એમાંય એક અર્ધપાગલ અને રોગથી પીડાતી એ યુવતીએ અમારી સાથે રહેલ એક ભાઈનો હાથ પકડીને પોતાના માથા ઉપર મુકયો અને 'બાપા..' શબ્દ બોલી ત્યારે ત્યાં ઉપસ્થિત સૌ ઘડીકપળ સ્તબ્ધ થઈ ગયા. પાગલ કે રોગગ્રસ્ત થયા તો શુ થયું ? પ્રેમ, હુંફ, લાગણીને કોણ રોકી શકે ? ઘરવાળા પણ એમને સ્વીકારવા તૈયાર નથી ત્યારે આવનાર દરેક મુલાકાતીઓમાં તેને માવતર દેખાય છે અને એ ક્ષણે અનાયાસે બોલી જવાયું હતું કે એક માણસને સાચવવો મુશ્કેલ હોય ત્યારે આ ટ્રસ્ટ આ રકતપિતગ્રસ્ત અને મંદબુધ્ધિવાળા લોકોને કેવી રીતે સાચવતા હશે ? ખરેખર દાન આપવું હોય તો અહીં જ અપાય.

મોટો ડાયરો હોય ત્યાં પૈસાની રેલમછેલ થાય ઘડીક પળમાં લાખો રૂપિયાનો ઢગલો થઈ જાય છે પણ ઈશ્વરે આપ્યું હોય તો થોડાક રૂપિયા આવી સંસ્થાઓમાં આપીએ.. જેથી ત્યાં સેવા લઈ રહેલા બાળકો તો રાજી થશે પણ ઉપરવાળો પણ હરખ અનુભવશે.

અમારી સાથે રહેલા બે ચાર જણે તો એ જ દિવસે નિર્ણય કરી લીધો કે દાન કરવું તો આવા લોકો માટે.. નહીંતર ગમે ત્યાં સંપત્તિ દાનમાં આપવાથી શું ફાયદો ? અહીં રૂપિયા આવશે તો રકતપિતગ્રસ્તો અને મંદબુધ્ધિ વાળા લોકો સારી સેવા મેળવી શકશે.

આ ટ્રસ્ટમાં અમે એવા પણ લોકો જોયાં કે બંને પતિ પત્ની પણ આ રોગથી પીડાતા હોય.. રકતપિતગ્રસ્ત રોગમાં હાથ પગની આંગળી જ ખરી પડી હોય તો એ બિચારા કામ કેવી રીતે કરી શકે ? કામ કરવાની હામ હૈયામાં ઘણી છે પણ કંઈક આધાર તો જોઈએ ને કે જેનાથી કામ થઈ શકે.

અમે આ ટ્રસ્ટની મુલાકાત લીધી ત્યારે તા.૧૬-૭-૧૯ હતી. આ દિવસે રકતપિતગ્રસ્તોની સંખ્યા ૨૪૯, વિકલાંગોની સંખ્યા ૨૨, અન્ય બિમારી ૨, સામાજીક સમસ્યાવાળા ૬, મંદબુધ્ધિવાળામાં ભાઈઓ ૨૫૦ અને બહેનો ૧૮૧, પાંજરાપોળમાં અશકત ગાયો ૩૪ હતી.

અમને પણ એ મુલાકાત કર્યા બાદ મનમાં ઊંડે ઊંડે જરૂર થયું કે તીર્થોમાં ઘણા ફર્યા.. પ્રવાસો પણ ઘણા કર્યા..

જાત્રાઓ અને પીકનીકો પણ કરી.. પરંતુ એકાદ વાર અહીંનું દ્રશ્ય ન જોઈએ ત્યાં સુધી બીજુબધું નકામું.. અને અંતમાં,

આ ધરા ઉપર ઘણાય એવા માણસો હશે કે જેઓનો આધાર ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય બીજું કશું નથી.. આવા લોકોની મદદે કંઈક આવીએ ત્યારે જ અંતરનો ખરો આનંદ પ્રાપ્ત થાય છે..

**પ્રવીણ એમ.નાઈ**
(રતનગઢ)
મો.૯૪૨૭૯૦૩૨૬૨

## કાર્ડિયાક એરેસ્ટ અને હાર્ટ એટેક વચ્ચે ફરક જાણો

ભારતનાં પૂર્વ વિદેશ પ્રધાન અને ભાજપનાં વરિષ્ઠ નેત્રી સુષમા સ્વરાજના અચાનક મૃત્યુથી બધાં જ હતપ્રભ જેવાં થઈ ગયાં. સુષમાજીએ માત્ર ૬૭ વર્ષની ઉંમરમાં જ દુનિયામાંથી અંતિમ વિદાય લઈ લીધી. તેમને રાત્રે કાર્ડિયાકએરેસ્ટ આવ્યા પછી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા. પરંતુ તેમને બચાવી શકાયાં નહીં અને રાત્રે લગભગ ૧૧ વાગ્યા આસપાસ તેમનું મૃત્યુ થઈ ગયું. તેઓ છેલ્લા ઘણા સમયથી બીમાર હતાં. તેમની કિડની ટ્રાન્સ્પ્લાન્ટ પણ થઈ હતી આ જ કારણ હતું કે આ વખતની લોકસભા ચૂંટણી લડવાની તેમણે ના પાડી હતી.

આ કાર્ડિયાકએરેસ્ટ એટલે શું હૃદયરોગ અથવા હાર્ટ એટેક? ના. તબીબી નિષ્ણાતો કહે છે કે બંને વચ્ચે અંતર છે. કાર્ડિયાકએરેસ્ટ શું છે તે પહેલાં સમજીએ.

જ્યારે હૃદયની અંતર વેન્ટ્રીકુલર ફાઈબ્રિલેશન ઉત્પન્ન થાય અર્થાત્ હૃદયની અંદરના કેટલાક હિસ્સાની વચ્ચે સંદેશાઓનું આદાનપ્રદાન ખોરંભાઈ જાય તો કાર્ડિયાક એરેસ્ટ થાય છે. કાર્ડિયાક એરેસ્ટ થવાની સૌથી વધુ આશંકા હૃદયની બીમારીવાળા લોકોને હોય છે, જેમને પહેલાં હાર્ટ એટેક આવી ગયો હોય છે. આવા લોકોમાં કાર્ડિયાક એરેસ્ટની આશંકા વધી જાય છે.

ઘણા લોકોને લાગે છ કે હાર્ટ એટેક અને કાર્ડિયાક એરેસ્ટ એક જ છે, પરંતુ આવું નથી. હાર્ટ એટેક દરમિયાન હૃદયના કેટલાક હિસ્સાઓમાં લોહીનું વહેણ જામી જાય છે. જ્યારે કાર્ડિયાક એરેસ્ટમાં હૃદય બરાબર કામ કરવાનું બંધ કરી દે છે અને અચાનક અટકી જાય છે.

અત્યારે લોકોની દિનચર્યા બદલાઈ રહી છે, જેના કારણે ૩૦થી ૩૫ વર્ષની ઉંમરમાં જ હાર્ટ એટેકના દર્દીઓ આપણને દેખાઈ રહ્યા છે અને તેમાંય વધુ સંખ્યા મહિલાઓની હોય છે. મોટી ઉંમરની જ નહીં, પરંતુ યુવતીઓમાં પણ હૃદયની બીમારી જોવા મળે છે. આ વાતને ગંભીરતાથી લેવી જોઈએ. જે મહિલાઓમાં તણાવ, ઉચ્ચ કૉલેસ્ટેરોલ, સ્થૂળતા, ઉચ્ચ રક્તચાપ (બ્લડ પ્રૅશર), ડાયાબિટિસ, ગર્ભાવસ્થાની સમસ્યા, શારીરિક પ્રવૃત્તિઓ ઓછી હોય, મેનોપૉઝ, બ્રૉકન હાર્ટ સિન્ડ્રૉમ (તેનો અર્થ પ્રેમભગ્ન યુવાન કે યુવતી તેવો ન કરવો, તેનો અર્થ હાર્ટ એટેક જેવાં જ લક્ષણો થાય છે), કેમોથેરેપીની દવાઓ, રેડિએશન થેરેપી વગેરે હોય છએ તેમનામાં એટેકનું જોખમ વધુ હોય છે.

કાર્ડિયાક એરેસ્ટનાં કારણો કયાં છે? સુષમા સ્વરાજને લગભગ વીસ વર્ષોથી ડાયાબિટિસની સમસ્યા હતી. તેના કારણે તેમની કિડની પણ ખરાબ થઈ ગઈ. તેના કારણે જ કાર્ડિયાક એરેસ્ટ આવ્યો. આ સમસ્યા ધૂમ્રપાન, કૉલેસ્ટેરોલ વધવો, વ્યાયામ ન કરવો, ઉચ્ચ રક્તચાપ અને હાઈપર ટેન્શનના કારણે થાય છે.

સડન કાર્ડિયાક એરેસ્ટ એટલે કે અચાનક કાર્ડિયાક એરેસ્ટના કોઈ ખાસ સંકેતો નજરે પડતા નથી અન દર્દીના ધબકારા પણ કોઈ પણ સમયે અનિયમિત થઈ શકે છે. એસસીએ પછી તરત જ ત્રણથી છ મિનિટમાં સીપીઆર (હાથથી દબાણ બનાવવું) અથવા ઈલેક્ટ્રિક શૉક આપવામાં ન આવે તો આ સ્થિતિ જીવલેણ હોઈ શકે છે. ૮૦ ટકાથી વધુ લોકો આ રોગને ગંભીરતાથી નથી લેતા અને હૃદયની ગતિ તેજ થાય તો હાર્ટ એટેક સમજી લે છે જે ખોટું છે.

તેનાં લક્ષણો છે-

થાક લાગવો

શ્વાસ ટૂંકા થવા

હૃદયમાં દુઃખાવો થવો

ચક્કર આવવા

તે ઉપરાંત કાર્ડિયાક એરેસ્ટ દરમિયાન રોગી પોતાની ચેતના અચાનક ગુમાવી બેસે છે અને શારીરિક રૂપે કોઈ પ્રતિક્રિયા કરી શકતો નથી. તેના કારણએ અચાનક શ્વાસ અને નસો અટકી જાય છે. હકીકતે કાર્ડિયાક એરેસ્ટ દરમિયાન હૃદય ધડકવાનું બંધ કરી દે છે. તેથી નાડી ઓછી થવા લાગે છે. ધીરે ધીરે શરીરનાં તમામ અંગો સુધી લોહી પહોંચવાનું બંધ થઈ જાય છે અને તેનાથી દર્દીનું મૃત્યુ થઈ જાય છે.જો કોઈ વ્યક્તિને કાર્ડિયાક એરેસ્ટ આવી જાય તો સીપીઆર (કાર્ડિયો પલ્મૉનરી રિસસ્કિટેશન) આપીને તેને બચાવી શકાય છે. તે ઉપરાંત તેની સારવાર માટે કાર્ડિયો પલ્મૉનરી રિસસ્કિટેશન (સીપીઆર) આપવામાં આવે છે. તેનાથી હૃદયના ધબકારાનો દર નિયમિત કરવામાં આવે છે. ડિફાઇબ્રિલેટર દ્વારા વીજળીના ઝાટકા આપવામાં આવે છે. તેનાથી હૃદયના ધબકારાને પાછા લાવવામાં મદદ મળે છે. **(જી.એન.એસ)**

## તત્વથી ધનાદીક પ્રાપ્તિનો મુખ્ય ઉપાય ધર્મ છે

સદગુરૂ મહારાજ બે ગૃહસ્થોને ઉપદેશ આપતાં જણાવે છે કે અમો સાધુઓ તો તત્વની વાત કરીએ છીએ. તે તત્વઆ પ્રમાણે છે. વૃક્ષના ફળનું મુખ્ય કારણ જેમ બીજ છે તેમ ધર્મ એ ધનાદી પ્રાપ્તિનો મુખ્ય ઉપાય છે. ધનાદિની પ્રાપ્તિમાં વ્યાપાર વગેરે ઉદ્યમો સહકારી કારણ છે.પણ મુખ્ય કારણ નથી. કારણ કે ઘણાએ બુધ્ધિમાન પુરૂષો અતિશય વ્યાપારાદિ ઉદ્યમો બહુ કરે છે તો પણ દરીદ્રતા દરીદ્ર જ રહે છે અને બુધ્ધિ વિનાના આળસુ નિરૂદ્યમી મનુષ્યો પણ ઘણા ધનવાન બની ક્રોડો ગમે લક્ષ્મીનો ઉપભોગ કરે છે. માટે ધર્મમાં જ યત્ન કરવો અને તત્વ છે કે ધર્મ સર્વ ઈષ્ટ સંપત્તિઓ આપે છે.

અહીં સંસ્કૃત શ્લોકનું ભાષાંતર

ધનથી ધનપ્રાપ્ત થાય છે. ધનથી જ પાંચે ઈંદ્રીયોના સુખની સામગ્રી પ્રાપ્ત થાય છે અને આવી સામગ્રીઓથી સર્વ ઈન્દ્રીયજન્ય સુખ પ્રાપ્ત થાય છે. કાર્યાર્થીઓ પ્રથમ કારણ શોધવું જોઈએ. કારણ મેળવવું જોઈએ અને અહીં ધનપ્રાપ્તિમાં કારણ ધર્મ છે. માટે ધનપ્રાપ્તિ માટે પણ ધર્મ જ કરવો જોઈએ એમ તત્વજ્ઞાનીઓ કહે છે. ઈતિ (આધાર શ્રી શ્રાદ્ધ પ્રતિક્રમણ વંદિત્તુ સુત્રની અર્થ દીપીકા આધારીત વિવેચન-વિવેચનકાર યુગ દિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ)

અહીં શાલીભદ્રજીના તથા ચક્રવર્તી ભરત મહારાજના પૂર્વ ભવો ખાસ અવગાહન કરવા જેવા છે.

**- પં.શ્રી ગુણસુંદર વિજયજી ગણી.**

## ગુજરાતમાં ઈલેકટ્રીક વાહનો દસ લાખનો આંક ૨૦૨૨ માં વટાવશે

અમદાવાદ

નાસિક સ્થિત જીતેન્દ્ર ન્યુ ઈવી ટેક પ્રા.લી.ને રાજકોટ, વડોદરા, સુરત, અમદાવાદ અને મહેસાણાના ૧૨૦૦ થી વધુ લોકોના પ્રતિભાવોના તાજેતરમાં કરેલા એક આંતરિક સરવેના તારણો જાહેર કર્યા છે. આ સરવેમાં જણાયું હતું કે, ગુજરાત સડક માર્ગો પર ઈલેકટ્રીક વાહનોને સંચાલીત કરવા માટે સૌથી વધુ સજ્જ છે. કેમ કે ગુજરાતના બે તૃતીયાંશ દ્વિચક્રી વાહન ચાલકો જવલનશીલ ઈંધણ, પેટ્રોલ, ડીઝલ અને ઈલેકટ્રીક ચાર્જર્ડ બેટરીથી ચાલતા વાહનોની તુલનામાં છઠ્ઠા ભાગના સંચાલન ખર્ચથી દોડે છે તેમજ પર્યાવરણ અનુકુળ પણ છે. તેમની વચ્ચેના ખર્ચ સામે લાભના વિશ્લેષણથી માહીતગાર છે.

ઓટોમોબાઈલ વેપારીઓ ખાસ કરીને ટુવ્હીલર્સ અને થ્રી વ્હીલર્સ વાહનોમાં ઘટી રહેલા વેચાણના સંદર્ભમાં પ્રવર્તતા નકારાત્મક વલણને ઈલેકટ્રીક વાહનોના વિતરણ અને વેચાણ તરફ વળવાની એક તક તરીકે જોવામાં આવી રહ્યું છે.

આજે ગુજરાતમાં આશરે ૧૦,૦૦૦ ઈલેકટ્રીકલ વાહનો છે. જોકે આગામી ૩૬ માસમાં ખરીદીના અનુમાનિત વલણ મુજબ આ સંખ્યા વધીને દસ લાખનો આંક સુધી જઈ શકે છે.આ બધું કેન્દ્ર સરકાર ગુજરાતની રાજ્ય સરકાર અને શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા જાહેર કરવામાં આવેલા અને અમલમાં મુકાઈ રહેલા અનેક પગલાઓના કારણે શકય બનવાનું છે.

## આઈપીએલ ૨૦૨૦: રહાણે દિલ્હી કેપિટલ્સ માટે રમે તેવી અટકળો

દિલ્હી કેપિટલ્સ ટીમ રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રહી ચુકેલા અંજિકય રહાણેને પોતાની સાથે જોડવા ઈચ્છે છે. આ સંબંધમાં તેની રાજસ્થાન રોયલ્સ સાથે વાતચીત ચાલી રહી છે. જો બંન્ને ફ્રેન્ચાઈઝી ટીમો વચ્ચે તાલમેલ બની જાય તો આઈપીએલની આગામી સિઝનમાં રહાણે દિલ્હી માટે રમતો જોવા મળશે.

સૂત્રોએ કહ્યું કે, આ સંબંધ બંન્ને ફ્રેન્ચાઈઝી ટીમો વચ્ચે વાતચીત ચાલી રહી છે અને જો બધુ યોગ્ય રહ્યું તો પછી ૨૦૨૦ આઈપીએલ સિઝનમાં રહાણેને દિલ્હીના ખેલાડીના રૂપમાં મેદાન પર જોઈ શકાશે. સૂત્રએ કહ્યું, 'હા દિલ્હી કેપિટલ્સ રહાણેને પોતાની સાથે જોડવા ઈચ્છે છે પરંતુ તે કહું હાલ વધારે પડતું હશે કે આ કરાર પૂરો થશે.' ઘણી વસ્તુને ધ્યાનમાં રાખવી પડશે કારણ કે રહાણે વર્ષોથી રાજસ્થાન ટીમ માટે રમે છે અને એકબીજાની ઓળખ બની ચુક્યા છે. આમ તો વાતચીત ચાલી રહી છે. દિલ્હી કેપિટલ્સના એક અધિકારીએ કહ્યું કે, જો રહાણે ટીમમાં આવી જાય તો એક સારી વાત હશે કારણ કે તેનાથી ટીમને નવા સ્વરૂપની સાથે-સાથે તાકાત પણ મળશે. રહાણે ૨૦૦૮ અને ૨૦૦૯મા મુંબઈ ઈન્ડિયન્સ માટે રમ્યો હતો. ૨૦૧૦ આઈપીએલમાથી તે બહાર રહ્યો અને ૨૦૧૧થી રાજસ્થાન રોયલ્સની સાથે છે.

<u>વિદેશમાં વસતા ગ્રામજનો ગામનું ઋણ ચુકવે ત્યારે ?</u>

## સુંદર ગામ મોટા ફોફળિયામાં ભણીને ગામની જ સુંદર હોસ્પિટલમાં ડોક્ટર તરીકે સેવા આપતી ડો. સ્મિતાલી પટેલની સાફલ્ય ગાથા

**ટેલેન્ટ પુલ યોજનાના ટેલેન્ટેડ વિધાર્થીઓ લાભ લે તો સુંદર પરિણામ મેળવી શકે .. ગૌરવપ્રદ વાત**







વલસાડ જિલ્લાના પારડી તાલુકાના નાનકડા ગામ ડુમલાવમાં રહેતી સ્મિતાલી પટેલને નાનપણથી જ ડોક્ટર બનવાની તમન્ના હતી. પણ પિતાની આવક ઓછી અને અનુસૂચિત જનજાતિમાં દીકરીઓ ઓછી આગળ વધે. એટલે મુંઝવણ વધુ. તેની વચ્ચે પારડીની એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલમાંથી ધગશ અને મહેનતથી ધો.૧૦ની પરીક્ષા ૮૦ ટકા સાથે પસાર કરી. હવે શું કરવું? તે પ્રશ્ન સતાવતો હતો.

એમાં ગામના સરપંચ અને એક હિતેચ્છુએ ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને કારકીર્દી નિર્માણ કરવામાં મદદરૂપ થતી યોજનાઓ હોય છે. તેમ જણાવ્યું. એટલે તપાસ કરતાં રાજ્ય સરકારની ટેલેન્ટ પુલ યોજના અમલી જેમાં અનુસૂચિત જનજાતિના ધો.૫ અને ધો.૧૦ ના પ્રથમ કે બીજા વર્ગમાં પાસ થયેલા વિદ્યાર્થીઓની પ્રવેશપરીક્ષા ગોઠવવામાં આવે છે. આ પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવીને મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને પસંદ કરેલી આવાસીય શાળામાં પ્રવેશ આપવામાં છે. રૂ. ૨.૦૦ લાખની આવક મર્યાદા ધરાવતા વાલીઓના સંતાનોને આ યોજના અન્વયે આવરી લેવામાં આવે છે. રૂ. ૨.૦૦ લાખ થી રૂ. ૩.૦૦ લાખ સુધીની આવક વાળા વાલીએ ૫૦% સહાય ભોગવવાની રહેશે. તેવી માહિતી મળી.અને સ્મિતાલીએ અરજી કરી અને તે મંજૂર થતાં જ તેનો અભ્યાસ આગળ વધ્યો. આ માટે તેણે ટેલેન્ટ પુલ માટેની પ્રવેશ પરીક્ષા પણ પાસ કરી. આ પરીક્ષા પાસ કરવાથી તેમને મોટા ફોફળિયામાં શક્તિકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાયનાન્સ શાળામાં ધો.૧૧-ધો.૧૨ સાયન્સનો અભ્યાસ પૂર્ણ કરવાની તક મળી હતી.

ત્યારબાદ ડૉ.સ્મિતાલીએ એલ.જી. મેડિકલ કોલેજ મણીનગર અમદાવાદમાં વર્ષ ૨૦૧૧-૨૦૧૬ દરમિયાન એમબીબીએસનો અભ્યાસ કર્યો. અને એમબીબીએસ પૂર્ણ થતાં વડોદરાના શિનોર તાલુકાના મોટા ફોફળિયાના છોટુભાઈ અવિચળભાઈ પટેલ આરોગ્ય કેન્દ્ર પર મેડિકલ ઓફિસર તરીકે સેવા આપવાની તક મળી.

ડૉ. સ્મિતાલીએ પોતાની લાગણીની વાત કરતા કહ્યુંકે, મેં આ જ ગામમાં અભ્યાસ કર્યો અને મારી કારકિર્દીનું ઘડતર થયું છે. મને મોટા ફોફળિયા મારા વતન ડુમલાવ જેટલું વહાલું છે. ડુમલાવ માતૃભૂમિ છે તો મોટા ફોફળિયા ઘડતર અને કર્મભૂમિ છે. મોટા ફોફળિયામાં વતનનું ઋણ ચૂકવવા દાતાઓ આગળ આવે છે અને ગામના ગામલોકોના કલ્યાણ માટે થાય એટલું તમામ કરી છૂટે છે. તેથા આ ગામના લોકો પાસેથી ઋણ અદા કરવાનો અને મદદ કરનારનું ગુણ ન ભૂલવાનો સકારાત્મક અભિગમ મને શીખવા મળ્યો છે. મારા તરફથી આપી શકું તેટલું શ્રેષ્ઠ આપવા સતત પ્રયત્નશીલ છું. કહી ડો. સ્મિતાલી મૌન બની જાય છે ત્યારે તેના મુખ પર જોવા મળતો પરિતોષ અવર્ણનિય છે. આમ જો ઘટમાં ઘોડા થનગનતા હોય..આતમ પાંખ વીઝતું હોય...તેવા યુવાનોને સરકારી યોજનાનો લાભ રુપી સહારો મળી જાય તો એ સુંદર પરિણામનું સાયુજ્ય સર્જી દેતું હોય છે આપ પણ આવા મહેનતકશ યુવાનોને જાણો છો ? તો મને મેઘ -વર્ષા , ૧૪ સપ્તગિરિ સોસાયટી નં૩ , સાંઇ મંદિર અને બાગ પાછળ , વિશ્વામિત્રી ક્રોસિંગ માંજલપુર , વડોદરા – ૩૯૦૦૧૧ કે મો.. ૯૯૨૫૬ ૨૮૪૯૮ અથવા ઈમેલ maun_66@yahoo.co.in પર સંપર્ક કરવો અમને પણ એ મુલાકાત કર્યા બાદ મનમાં ઊંડે ઊંડે જરૂર થયું કે તીર્થોમાં ઘણા ફર્યા.. પ્રવાસો પણ ઘણા કર્યા.. જાત્રાઓ અને પીકનીકો પણ કરી.. પરંતુ એકાદ વાર અહીંનું દ્રશ્ય ન જોઈએ ત્યાં સુધી બીજુબધું નકામું.. અને અંતમાં,

આ ધરા ઉપર ઘણાય એવા માણસો હશે કે જેઓનો આધાર ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય બીજું કશું નથી.. આવા લોકોની મદદે કંઈક આવીએ ત્યારે જ અંતરનો ખરો આનંદ પ્રાપ્ત થાય છે.

**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**

# રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકના "કાઈઝાલા" એપ ડાઉનલોડ કરવાના આદેશથી વાલીઓમાં આનંદ પરંતુ શિક્ષણસંઘ ખફા

પ્રતિનિધી અરવલ્લી

રાજ્ય પ્રાથમિક શિક્ષણ વિભાગના સચિવ ડૉ. વિનોદ રાવ સતત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ કથળતા પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ઓનલાઈન શિક્ષકોની હાજરી ફરજીયાત કર્યા પછી ૧૪ ઓગસ્ટનાં રોજ રાજ્યભરનાં સરકારી પ્રાથમિક શાળાનાં શિક્ષકોને શિક્ષણ સચિવ ડો. વિનોદ રાવે વિડીયો તેમજ ઓડિયો મેસેજથી શિક્ષકોને પોતાના સ્માર્ટ ફોનમાં ઈન્સ્ટોલ 'કાંઈ ઝાલા' એપ ડાઉનલોડ કરવા આદેશ કરતા પ્રાથમિક શિક્ષકોમાં હડકંપ મચ્યો છે

"કાઈઝાલા" એપ્લિકેશન ડાઉનલોડ કરવાથી એકસાથે બધા શિક્ષકો સાથે વિડીયો કોલ થશે, પગારબીલ, ઈજાફા, સર્વિસ બુક, ઉચ્ચતર પગાર ધોરણ, દરખાસ્ત બધુજ ઓનલાઈન જોઈ શકાશે, શિક્ષકોને પોતાની હાજરીના પુરાવા આપી શકાશે, ફોટો પાડો એટલે સ્થળની માહિતી સાથે સેવ થશે, હાજરીના પ્રુફ પણ રાખવા પડશે

પ્રાપ્ત માહિતી મુજબ, તા.૫ સપ્ટેમ્બર શિક્ષકદિન થી રાજ્યનાં તમામ પ્રાથમિક શિક્ષાણાધિકારીને શિક્ષણ સચિવે સંદેશો આપીને સરકારી શાળાનાં શિક્ષકોએ પોતાના સ્માર્ટ ફોનમાં 'કાંઈ ઝાલા' ડાઉનલોડ કરવા જણાવી દેવામાં આવ્યું છે "કાઈઝાલા" એપ્લિકેશન શિક્ષકો ઉપર સી.સી.ટી.વી. કેમેરા સમાન છે. શિક્ષકોનું લોકેશન આ એપ મારફતે મળી જતું હોય શિક્ષક દિવસ દરમિયાન શું કરે છે? તે સહીતની તમામ વિગતો ગાંધીનગર બેઠા ઉચ્ચ અધિકારીઓ જાણી શકે છે "કાઈઝાલા" એપ થી રાજ્યમાં શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવવા શિક્ષણ સચિવ ડૉ.વિનોદ રાવ ઈચ્છી રહ્યા છે બીજીબાજુ રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા "કાઈઝાલા" એપ્લિકેશનનો જોરદાર વિરોધ નોંધાવી એપ્લિકેશન ડાઉનલોડ કરવા શિક્ષકોને ચુસ્ત સૂચના આપવામાં આવી છે

**રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી સતીશ પટેલ "કાઈઝાલા" એપ વિષે શુ કહે છે**

"કાઈઝાલા" એપ્લિકેશનનો રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે વિરોધ નોંધાવ્યો હોવાનું જણાવી વધુમાં જણાવ્યું હતું કે આ એપ થી શિક્ષકોની પ્રવાસી ભંગ થતી હોવાનું અને પ્રાથમિક શાળાઓમાં ૬૦% થી વધુ બહેનો હોવાથી આ એપમાં ફોટો સેવ થતો હોવાથી બહેનોના ફોટાનો દુરુપયોગ થઇ શકવાની સંભાવના રહેલી હોવાથી તથા ૧૨ શાળાઓ દીઠ એક સી.આર.સી ની નિયુક્તિ કરવામાં આવી છે અને હાલ પ્રાથમિક શિક્ષકોની ઓનલાઈન હાજરી પણ પુરવામાં આવે છે તો પછી નવી એપ્લિકેશન કેમ...? જેથી કરીને "કાઈઝાલા" એપ્લિકેશન ડાઉનલોડ નહિ કરવાનો રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘે શિક્ષકોને આદેશ કરવામાં આવ્યો હોવાનું રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી સતીશ પટેલે ટેલિફોનિક પૂછપરછ માં જણાવ્યું હતું

# શામળાજી-ચિલોડા હાઈવે પર ઠેર ઠેર પડેલા ખાડાથી અકસ્માતની હારમાળા : વાંટડા નજીક કાર પલ્ટી, ૪ લોકોનો આબાદ બચાવ





પ્રતિનિધી અરવલ્લી

દિલ્હીથી મુંબઈને જોડતો અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ સિક્સલેન બનાવવાનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું હોવાથી અનેક જગ્યાએ રોડ ખોદવામાં આવ્યો હોવાની સાથે હાઈવે પર પડેલા ઠેર ઠેર ગાબડાં પડતા નેશનલ હાઈવે ઓથોરિટી ના પાપે છેલ્લા કેટલાય દિવસથી રોડ ઉપર પડેલ ખાડા ને લઈને વાહન ચાલકો થાપ ખાઈ જતાં સ્ટેરીગ ઉપર કાબુ ગુમાવતા અકસ્માતોમાં વધારો થયો છે તો કેટલાય લોકો ના હાથ પગ ભાગવાનો વારો આવ્યો છે શનિવારે રોડ પર પડેલા ખાડાઓના લીધે કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા બાઈક સાથે અથડાતા ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત નિપજતા વાહનચાલકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે વાંટડા ટોલપ્લાઝા નજીક કાર રોડ પર પડેલા ખાડાના લીધે અકસ્માતનો ભોગ બની હતી

વાંટડા ટોલપ્લાઝા નજીક શામળાજી તરફથી આવતી સ્વીફ્ટ કાર રોડ પર પડેલા ખાડાઓમાં લીધે અકસ્માતનો ભોગ બનતા વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે શામળાજી તરફથી આવતી સ્વીફ્ટ કાર હાઈવે પર પડેલા ખાડામાં કાર નું ટાયર પડતા કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર પલટી ખાઈ રોડ નીચે પટકાતા કારનો કડૂચાલો વળી ગયો હતો સદનસીબે કારમાં સવાર ચાર લોકોનો આબાદ બચાવ થતા કાર રોડ નીચે પટકાતા આજુબાજુમાંથી દોડી આવેલા લોકો અને વાહન ચાલકોમાં હાઈવે ઑથોરિટી અને સિક્સલેન બનાવનાર કોન્ટ્રાક્ટર સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. શામળાજી થી ગાંધીનગર સુધીના રોડ પર પડેલા ખાડાઓ પુરવામાં નં આવતા ડિસ્કો રોડથી તોબા પોકારી ઉઠ્યા છે ભારે વરસાદથી શામળાજી થી ચિલોડા સુધીનો નેશનલ હાઈવે અનેક જગ્યાએ ધોવાઈ ગયો છે. જેને લઇ વારંવાર અકસ્માત સર્જાતા છે. આ સાથે વાહનો પણ ખરાબ થતાં હોઇ ચાલકોને મુસાફરી દરમ્યાન સંઘર્ષ કરવો પડે છે. નેશનલ હાઈવે રીપેર કરાવો તો જ ટેક્સ આપવામાં આવશે તેમ કહી ટેક્સ ન ભરીને વાહનચાલકો પોતાનો રોષ ઠાલવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, નેશનલ હાઈવે ઓથોરિટી સમગ્ર મામલે ટોલ કોન્ટ્રાક્ટર ઉપર બધું ઢોળી રહી છે.

# અમદાવાદના શહેર કોટડા પો.સ્ટે.ના ઘરફોડ ચોરીના ગુન્હામાં વોન્ટેડ આરોપી ઝડપાયો



પ્રતિનિધી સાબરકાંઠા

પોલીસ અધીક્ષક સાબરકાંઠા ચૈતન્ય મંડલીક સાબરકાંઠા જીલ્લામાં મિલકત સંબંધી અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા તથા ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ આરોપીઓ ચેક કરવા તથા તેઓ ઉપર વોચ રાખવા સારૂ સુચના આપેલ હોય જે સંદર્ભે હિંમતનગર વિભાગના ડી.વાય.એસ.પી. કે.એચ. સુર્યવંશી તથા હિંમતનગર વિભાગના સી.પી.આઇ બી.જી. ચાવડાના માર્ગદર્શન હેઠળ બી ડીવીઝન પો.સ.ઈ. પી.વી. ગોહિલ તથા પો.સ.ઇ. એચ. એમ. કાપડીયા તથા "ડી" સ્ટાફ ના માણસો આ દિશામાં સતત વોચ તથા પેટ્રોલીંગ રાખી કાર્યરત રહેલ.

તે દરમ્યાન અમોએ ડી સ્ટાફના માણસોને આ કામગીરી કરવા સુચના કરતાં ડી સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન બાતમી રાહે હકીકત મળેલ કેઅમદાવાદ શહેરના શહેર કોટડા પો.સ્ટે. ફસ્ટ ગુ. રનં.૨૦૪/૨૦૧૯ ઇ..પી.કો. કલમ-૪૫૭, ૩૮૦, ૧૧૪, ૪૧૧ મુજબના ગુન્હાના કામનો વોન્ટેડ આરોપી જસવંત ઉર્ફે જનક સ/ઓ ધીરૂભાઇ ઉર્ફે પોપટભાઇ હીરાજી બારોટ (ભાટ) રહે.જુની સીવીલ હોસ્પીટલ સામે ભાટ વાસ, હિંમતનગર જી.સાબરકાંઠા વાળો પોતાના ઘરે હિંમતનગર ભાટ વાસમાં આવેલ છે જે આધારે તેના ઘરે જઇ તપાસ કરતાં સદર આરોપી મળી આવતાં તેને ઉપરોક્ત ગુન્હાના કામે સી. આર. પી.સી.કલમ-૪૧(૧) આઇ મુજબ અટક કરી આગળની કાર્યવાહી સારૂ આરોપીને અમદાવાદ શહેરના શહેર કોટડા પો.સ્ટે.માં સોંપવા સારૂ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# મોડાસાની નૈયા જોશીને સ્ટુડન્ટ રીસર્ચ પ્રોજેકટ અંતર્ગત બે ગોલ્ડ મળ્યા : શહેરીજનોની અભિનંદનવર્ષા



પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરની અને હાલ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં સંસ્કૃત વિષય સાથે ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી નૈયા જોશીએ રિસર્ચમાં બે ગોલ્ડ મળતા અરવલ્લી જીલ્લાના અગ્રણીઓએ અભિનંદન આપ્યા હતા સ્ટુડન્ટ રીસર્ચ પ્રોજેકટ અંતર્ગત નૈયાએ બે વિષય પર રિસર્ચ કર્યું હતું અને બંનેમાં તેને ગોલ્ડ મળ્યો છે. સંસ્કૃત વિષયમાં તેણે ' સૂર્યગેહેતમિસ્રા - એક અધ્યયન' જેમાં દલિત કવિતાઓનો સંસ્કૃતમાં અનુવાદ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગુજરાતીમાં 'વિચરતી જાતિના સાહિત્યમાં સામાજિક અનુબંધ' વિષય પર રિસર્ચ કર્યું હતું. આ બંને રિસર્ચના વિષયો તદ્દન અલગ છે. આ ઉપરાંત ૭૦ વિદ્યાર્થીઓમાંથી નૈયાનું સંસ્કૃતનું રિસર્ચ પ્રેઝન્ટેશન માટે સિલેક્ટ કરવામાં આવ્યું હતું.

નૈયા અભ્યાસ ઉપરાંત દૂરદર્શનમાં સામાજિક ન્યાય શ્રેણી અંતર્ગત એન્કર તરીકે આવી ચૂકી છે. તથા વિવિધ સંસ્થાઓમાં પ્રેરણાત્મક વ્યાખ્યાનો આપવા માટે પણ જાય છે. આ ઉપરાંત તેઓ સમાજિક નિસબત ધરાવે છે, સ્લમ એરિયામાં તથા વિવિધ પછાત ગામોમાં જઈને ત્યાંની બહેનોની સમસ્યા જાણી નિરાકરણ માટેના પ્રયત્નો કરે છે.

# બાયડના જય અંબે આશ્રમ ખાતે પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન



પ્રતિનિધી અરવલ્લી

સમગ્ર દેશમાં ઉલ્લાસ ભેર સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે બાયડ ખાતે આવેલા જય અંબે મંદબુદ્ધિ મહિલા સેવા આશ્રમ ખાતે સ્વતંત્રતા દિનની ઉલ્લાસ ભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વરિષ્ઠ પત્રકાર પદ્મ શ્રી દેવેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમના વરદહસ્તે ત્રિરંગો લહેરાવીને ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે બાયડના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ પટેલ, આશ્રમના ટ્રસ્ટી અને ટ્રસ્ટના પદાધિકારીઓ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઈશ્વરભાઈ આકરુન્દનું પદ્મ શ્રી દેવેન્દ્રભાઈ પટેલના હસ્તે સન્માન પણ કરવામાં આવ્યું હતું.

# શામળાજી રતનપુર ચેકપોસ્ટ પર લોખંડી બંદોબસ્તઃ બુલેટપ્રુફ જેકેટ સાથે એસઆરપી પ્લાટૂન તૈનાત





પ્રતિનિધી અરવલ્લી

જમ્મુ-કશ્મીરમાં ૩૭૦ કલમ નાબૂદી બાદ દુશ્મન દેશ મૂંઝાયો છે. આવામાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં મોટો આતંકી હુમલો થઈ શકે છે. આતંકી હુમલાની દહેશતને લઈ મોટા શહેરોમાં એલર્ટ અપાયું છે. ભારત સામે આતંક ફેલાવા આઈએસઆઈ અને જૈશ-એ-મોહંમદ એક થયું છે. જૈશ-એ-મોહમંદના ઓપરેશનલ કમાન્ડરના આતંકી હુમલાની જવાબદારી આપવામાં આવી છે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રતનપુર ચેકપોસ્ટ પર રવિવારે સવારે રાજ્ય પોલીસવડાની સૂચનાના આધારે બે ચેક પોસ્ટ ઉભી કરી ઠેર ઠેર ચેકીંગ પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે બુલેટપ્રુફ જેકેટ સાથે એસઆરપી પ્લાટૂન તૈનાત કરવામાં આવી છે રતનપુર ચેકપોસ્ટ પર લોખંડી

બંદોબસ્તના પગલે વાહનચાલકો અને સ્થાનિકકોમાં ભારે અચરજ ફેલાયું છે

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા રતનપુર ચેકપોસ્ટ અને નેશનલ હાઈવે નં-૮ પર સઘન પેટ્રોલિંગ અને વાહનોનું ચેકીગ હાથ ધરવામાં આવ્યું છે ડીજીપીના દ્વારા રતનપુર બોર્ડર પર એસઆરપીની ૧ પ્લાટૂન તૈનાત કરાઇ છે જેમાં ૨૪ જવાનો દ્વારા આવતા જતા વાહનો પર બાઝ નજર રાખવામાં આવી રહી છે. આતંકી હુમલાના એલર્ટને પગલે રતનપુર બોર્ડર પર બે પોસ્ટ બનાવાઈ છ

જેમાં પ્રથમ પોસ્ટ પર ૭ જેટલા જવાનોને બુલેટપ્રુફ જેકેટ પણ અપાયા છે તો બીજી ચોકી પર અન્ય સાત જેટલાં જવાનો પ્રથમ ચોકી પર ચાલતી તપાસ પર નજર રાખશે. જો કોઇ અનિચ્છનીય ઘટના ઘટે તો તુરંત જ બીજી ચોકી પર તૈનાત જવાનો એલર્ટ થઇ કોઈ પણ પ્રકારની આસામાજિક પ્રવૃત્તિને અટકાવી શકાય છે

અત્રે ઉલ્લેખનીય છે કે અરવલ્લી જીલ્લાની અન્ય રાજસ્થાન રાજ્યને અડીને આવેલી ઉંડવા સરહદ,રેલ્લાવાડા નજીક આવેલી સરહદ અને ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોને અડીને આવેલી અંતરિયાળ વિસ્તારોની આંતરરાજ્ય સરહદો નધણિયાત હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે જાગૃત નાગરિકોમાં આતંકવાદીઓ તો ગમે તે જગ્યાએથી પ્રવેશી શકે છે તો રાજસ્થાન રાજ્યને અડીને આવેલી તમામ સરહદ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેની માંગ પ્રબળ બની છે.

# પાલ ખાતે સંચરાઈ માતાજી મંદિરનો છઠ્ઠો પાટોત્સવ યોજાયો



પ્રતિનિધી અરવલ્લી

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પાલ ખાતે સંચરાઈ માતાજી મંદિરનો છઠ્ઠો પાટોત્સવ યોજાયો યોજવામાં આવ્યો હતો જેમાં યજમાન તરીકે કૃષ્ણલાલ પંચાલ મહાલક્ષ્મી જ્વેલર્સ વિજયનગર, કનુભાઈ પંચાલ જલારામ કિરાણા લાભ લીધો હતો. શાસ્ત્રી દેવશંકર ભટ્ટ, હેમંતભાઈ વ્યાસ અને અવિનાશ વ્યાસ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ દ્વારા પૂજા કરવામાં આવી હતી. આજુબાજુ ગામના ધર્મપેમી લોકોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. તમામ ભક્તો માટે ભોજનપ્રસાદ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# ધન્ય છે આ જનેતાને...પોતાની કિડની આપી પુત્રનો જીવ બચાવ્યો



પ્રતિનિધી સાબરકાંઠા

ખેડબ્રહ્મા તાલુકાનું લક્ષ્મીપુરા ગામના એક ગરીબ પરિવારનો જીવતો જાગતો પુરાવો છે. અતુલભાઈ રાગુભાઈનો પુત્ર પોતાનાં ઘરની પરિસ્થિતિ નબળી હોવાથી તે કમાવા માટે મુંબઇ ગયો હતો. મુંબઈ એકાદ વર્ષ પછી અતુલભાઈને શરીરમાં કમજોરી આવતા તેમને ત્યાં હોસ્પિટલમાં તપાસ કરાવતા જાણવા મળ્યું હતું કે તેમની પોતાની બે કિડની ફેલ છે. આ જાણતા જ તેઓ ગભરાઇ ગયા હતા.અતુલભાઈની મમ્મીએ પોતાના વ્હાલા દીકરાને હિંમત આપીને કહ્યું કે, બેટા ચિંતા ના કર હું છું ને એમ કહેતા અતુલભાઈની આંખોમાં પાણી આવી ગયા હતા અને તેમણે કહ્યું કે માં હું તારા સપનાઓ પુરા ના કરી શક્યો.

અતુલભાઈની માતાએ કઠણ હૃદયે પોતાના દીકરાને હિંમત આપી કહ્યું કે બેટા હું મારી પોતાની કિડની આપીશ તને કંઈ નહીં થાવા દઉં, ત્યારે અતુલભાઈએ કીધું કે આ શક્ય નથી. પણ પિતાએ પોતાના દીકરાને સમજાવીને કહ્યું કે બેટા એક કિડનીથી માણસ જીવી શકે છે. ત્યારબાદ અતુલભાઇ બીજ દિવસે માતાને લઈને પોતે સાલ હિસ્પિટલમાં દાખલ થયા. અને અતુલભાઈનું સફળ ઓપરેશન થયું હતું. આ ઘટના બાદ પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો. તેથી કહેવાય છે કે માંનું ઋણ આપડે આ જન્મમાં ક્યારેય ચૂકવી શકતા નથી.

૫ કલાકના ઓપરેશન બાદ ડોક્ટર બહાર આવીને કહ્યું કે, ઓપરેશન સકસેસ છે. ત્યારે મારા જીવમાં જીવ આવ્યો.. મારી ખુશીનો પાર નહોતો, ત્યારે હું ડોક્ટરનો આભાર કેવી રીતે માનું તે સમજાતું નહોતું. ત્યારબાદ મેં ડોક્ટરનો આભાર માનવા મારી જોડે બે હાથને ત્રીજું આખોમાં આંસુ સિવાય કંઈ નહોતું.

# શામળાજી પોલીસને ચકમો આપી કારનો ચાલક ફરાર : પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી ૬૭ હજારનો દારૂ ઝડપ્યો

પ્રતિનિધી અરવલ્લી

ગુજરાત પોલીસ નશાબંધીનો અમલ કરવા સોશ્યલ મીડિયાઓ સહારો લઈ જાણે રાજ્યમાં દેશી-વિદેશી દારૂ ક્યાં મળે છે તેના થી મોટે ભાગે જાણતી હોવા છતાં પ્રજાજનો પર પોલીસતંત્રની સ્વચ્છ છબી ઉપસાવવા વોટ્સએપ્પ નંબર અને ફેસબુક આઈડી જાહેર કરી વાહવાહી લૂંટી લેવા મોટી મોટી જાહેરાતો કરી રહી છે બીજીબાજુ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લા પોલીસતંત્રની આંખ નીચે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ બુટલેગરો રાજસ્થાન સહીત ઉત્તર ભારતના રાજ્યો માંથી બંને જીલ્લાની સરહદો પરથી ઠાલવી રહ્યા છે શામળાજી પોલીસસ્ટેશનના પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે આશ્રમ ચાર રસ્તા નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા ભિલોડા તરફથી આવતી ડસ્ટર કારને અટકાવવાનો પ્રયાસ કરતા કાર ચાલકે કાર દોડાવી મુકતા શામળાજી પોલીસે ડસ્ટર કારનો ફિલ્મી ઢબે પીછો કરી કારમાં બનાવેલ ગુપ્તખાના માંથી ૬૭૨૦૦/- નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ અને અંતરિયાળ વિસ્તારોમાંથી વિદેશી દારૂ ઘુસાડાતો અટકાવવા માટે વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું હતું શનિવારે વહેલી સવારે આશ્રમ ચોકડી નજીક વાહન ચેકીગ દરમિયાન પસાર થતી ડસ્ટર કાર (ગાડી.નં- GJ.01. RD. ૯૨૯૭ ) ને અટકવાવા જતા કાર ચાલકે મોડાસા તરફ ડસ્ટર દોડાવી મુકતા શામળાજી પોલીસે જીપમાં પીછો કરતા લાલપુર ગામ નજીક ડસ્ટર કારને પંક્ચર પડતા ડસ્ટર કારનો ચાલક કાર લાલપુર ગામ નજીક રોડ પર મૂકી રફુચક્કર થઈ જતા પીછો કરતી પહોંચેલી પોલીસે ડસ્ટર કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૬૭ કીં.રૂ.૬૭૨૦૦/- તથા ડસ્ટર કારની કીં.રૂ. ૪૦૦૦૦૦/- મળી કુલ રૂ.૪૬૭૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ડસ્ટર કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ભિલોડાના ધનસોરની આદિવાસી દીકરી ડીવાયએસપી બની



ભિલોડા તાલુકાના ધનસોર ગામની આદિવાસી દિકરી અંજના ભગોરા એ ડી.વાય એસ.પી. તરિકે ની ટ્રેનિગ પુર્ણ કરતા હવે તેણીનું. મહિસાગર જિલ્લામાં પોસ્ટીગ થએલ છે.નાયબ પોલીસ અધિક્ષક તરીકે નિયુક્તિ થતા ગામ અને સમાજનું ગૌરવ વધારેલ છે.

## હવે માત્ર...
પાના નં.૧ ચાલુ

કહ્યું હતું કે કલમ ૩૭૦ની નાબૂદી બાદ પડોશી દેશો પૈકી એક દેશ બિનજરૂરીરીતે પરેશાન છે. તેને ઉંઘ આવી રહી નથી. આ દેશ દુનિયાના જુદા જુદા દેશોમાં જઇને બચાવી લેવા માટે રજૂઆત કરે છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, અમે કોઇ અપરાધ કર્યો નથી છતાં પડોશી દેશ દ્વારા રહી રહીને ધમકીઓ આપવામાં આવી રહી છે પરંતુ લોકો જેને દુનિયાના સૌથી શક્તિશાળી દેશ તરીકે ગણવામાં આવે છે તે અમેરિકાએ પણ આ દેશને કહી દીધું છે કે, ભારત સાથે બેસીને વાતચીત કરવાની જરૂર છે. અમારા ત્યાં આવવાની જરૂર નથી. સંરક્ષણમંત્રીએ કહ્યું હતું કે ભારત હવે આક્રમક વલણ અપનાવવા માટે તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાની લોકો કહી રહ્યા છે કે, બંને દેશો વચ્ચે વાતચીત થવી જોઇએ. આના જવાબમાં રાજનાથસિંહે કહ્યું હતું કે, કયા મુદ્દા ઉપર વાતચીત થવી જોઇએ. કેમ વાતચીત થવી જોઇએ. કઈ સારી બાબત બની છે જેને લઈને વાતચીત કરવી જોઇએ. રાજનાથે ઉમેર્યું હતું કે, પાકિસ્તાન સાથે એ વખતે જ વાતચીત થશે જ્યારે આતંકવાદને ખતમ કરવામાં આવશે. ત્યાં સુધી પાકિસ્તાન સાથે વાતચીત કરવા માટે કોઇ કારણ નથી. આગળ પણ જે વાતચીત થશે તે પાકિસ્તાન કબજા હેઠળના પાકિસ્તાન પર થશે. રાષ્ટ્રીય સ્વાભિમાનના મુદ્દાઓ ઉપર સરકારે કોઇ બાંધછોડ કરી નથી. સમસ્યાઓને અમે પાળી રહ્યા નથી બલ્કે સમસ્યાઓને દૂર કરી રહ્યા છે.

## હિમાચલ પ્રદેશ...
પાના નં.૧ ચાલુ

થયું છે. વૃક્ષ ધરાશાયી થવાના લીધે બે નેપાળી નાગરિકોના મોત થયા છે. ચમ્બામાં પણ ભારે વરસાદના પરિણામ સ્વરુપે પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. આજે કિન્નોર જિલ્લાના રિબ્બા વિસ્તારમાં વરસાદના કારણે ભેખડો ધસી પડતા રાષ્ટ્રીય રાજમાર્ગ આઠને બંધ કરવાની ફરજ પડી છે. પ્રદેશના જુદા જુદા વિસ્તારોમાં ભેખડો ધસી પડતા ૩૨૩ રસ્તાઓ ઉપર વાહનોની અવરજવર રોકી દેવામાં આવી છે. કાંગરા જિલ્લામાં પાંચ ઈંચથી વધુ વરસાદ થયો છે જ્યારે ધર્મશાળામાં પણ પાંચ અને દલહોજી અને ચંબામાં ત્રણ ઈંચ સુધીનો વરસાદ થયો છે. ચંબા, કાંગરા સહિતના વિસ્તારોમાં તંત્ર સંપૂર્ણપણે એલર્ટ થયું છે. બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. લાહોલ, સ્પીતી જિલ્લામાં મનાલી તરફ જતા નેશનલ હાઈવે ઉપર કોકસર પાસે પુલ ધરાશાયી થતાં વાહનોની અવરજવર રોકી દેવામાં આવી છે. મનાલી-લેહ હાઈવેને પણ બંધ કરવાની ફરજ પડી છે. ભારે વરસાદના લીધે ચંબા અને કાંગરા જિલ્લાની સ્કુલોમાં રજા જાહેર કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં ભારે વરસાદથી જનજીવન ખોરવાઈ ગયું છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં સ્થિતિમાં સુધારો થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ ટુકડીઓ પહોંચી ચુકી છે. બીજી બાજુ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીના કેટલાક ભાગોમાં હળવો વરસાદ થયો છે. જો કે, હથનીકુંડ બેરેજમાંથી પાણી છોડવામાં આવતા દિલ્હીમાં પુરનું સંકટ સર્જાઈ રહ્યું છે. યમુના નદીમાં પાણીની સપાટી વધી રહી છે જેથી દિલ્હી સરકાર તરફથી ચેતવણી જારી કરવામાં આવી ચુકી છે. યમુના નદીની આસપાસ ન જવા માટે કહેવામાં આવ્યું છે.

## ગાંધી સરદાર...
પાના નં.૩ ચાલુ

પ્રો.હરેશભાઈ ત્રિવેદી તેમજ વિદ્યાર્થીઓએ પોતાનો સમય ફાળવી યોગદાન આપ્યુ હતું. સરસ રીતે ઉજવાયેલ સ્વચ્છતા પખવાડિયા બદલ કોલેજ નિયામકશ્રીએ એન.એસ. એસ.ની પુરી ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

## ડીસા તાલુકા...
પાના નં.૩ ચાલુ

રામજીભાઈ પરમાર, પહાડજી ઠાકોર, રમેશભાઈ ઠાકોર મંત્રી, મફાભાઈ દેસાઈ, મા.સરપંચ ભોયણ, માલધારી ચૌધરી, અનારજી ઠાકોર, લીલાભાઈ ગલાબભાઈ દશરથભાઈ ગોવાભાઈ, ઝવેરજી કુચાવાડીયા, મઘાભાઈ ચૌધરી - પેછડાલ, રાઠોડ બચુજી મુડેઠા, રાઠોડ સેંધાજી રાઠોડ, ગુણવંતસિંહ સોલંકી, પરબતભાઈ દેસાઈ, ગરનાળ નાની, પ્રભાત દેસાઈ, જીતેન્દ્ર જોષી, હિતેશ દેસાઈ, જોરાભાઈ નાયી, પરબતભાઈ પરમાર, દિપકભાઈ દેસાઈ, બાબુભાઈ દેસાઈ, નાગફણા, ભરતભાઈ દેસાઈ, બહેનોમાં દિવ્યાબેન પંચાલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેલ.આ મીટીંગની આભારવિધિ શૈલેષ વ્યાસે કરેલ.

## સણવાલ ગામેથી ...
પાના નં.૮ ચાલુ

તેમજ કિ.રૂ. ૧૪૩૦૦ ગાડીની કિ.રૂા.૧,૫૦,૦૦૦ મળી કુલ કિ.રૂા.૧,૬૪,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જોકે ગાડીનો ચાલક ગાડી મુકી નાસી જતાં તેની વિરૂધ્ધમાં માવસરી પો.સ્ટે. પ્રોહી.એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

## ગાયત્રી પંચાંગના...
પાના નં.૮ ચાલુ

સાચી પડતી હતી. પ્રાચીન જ્યોતિષના વેદાંગ ગ્રંથ ઋગજ્યોતિષનું અધ્યયન કરવા ઉપરાંત તેમણે ૧૯ વર્ષ સુધી દેશવિદેશમાં હિંદુ સંસ્કૃતીનો પ્રચાર કર્યો હતો. રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનરના ડૉકટર તરીકે ઓળખાતા શાસ્ત્રીજીએ દેશવિદેશમાં અનેક દેવપ્રતિષ્ઠાઓ અને યજ્ઞાદિકાર્યો કર્યાં હતાં.

અખિલ ભારતીય પંચાગ મહાપરિષદના પ્રમુખ અને અમદાવાદ વેધશાળાના ટ્રસ્ટી તરીકે સેવાઓ આપતા શાસ્ત્રીજી લોકકલ્યાણના કાર્યો કરવા ગાયત્રી પંચાગ પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની રચના કરી અમદાવાદની હોસ્પીટલમાં વિનામુલ્યે ટિફિન સેવા અને સરહદી ગ્રામિણવિસ્તારોની શાળાઓના જરૂરીયાતમંદ બાળકો અને પરિવારોને શૌક્ષણિક કીટ ઉપરાંત ગરમ અને પહેરવાનાં કપડાંનું પણ શિયાળામાં વિતરણ કરતા હતા. બનાસકાંઠા ૪૨ ગામ (થરાદ, વાવ, દિયોદર) ના પ્રમુખ તરીકે સમાજ માટે પાટણમાં બોડ'ગ ઉપરાંત સમુહલગ્નોનાં પણ સફળ આયોજનો તેમના સહયોગથી સંપન્ન થયાં હતાં. અખિલ ભારતીય શ્રીમાળી બ્રાહ્મણ સમાજ સંસ્થા, પુષ્કર દ્વારા શાસ્ત્રીને મહાકવિ માઘ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગૌમાતા પ્રત્યે અપ્રતિમ ભાવ અને લાગણી ધરાવતા શાસ્ત્રીજીએ ૧૮ વર્ષ પહેલાં સ્વખર્ચે ૩૦ એકર જમીન ખરીદીને તેમાં ગૌશાળા શરૂ કરી હતી. જેમાં આજે પણ ૪૦૦ ગૌમાતાઓની આધુનિક સુવિધાઓ સાથે સેવા કરવામાં આવી રહી છે. શાસ્ત્રીજીની અંતિમ ઈચ્છા તેમનો અંતિમ સંસ્કાર ગાયત્રી ગૌસેવા ધામમાં કરવામાં આવે તેવી હોવાના કારણે તેમના નશ્વર દેહને અમદાવાદથી ગૌશાળામાં લવાયો હતો. જ્યાં ઉપસ્થિત સમાજ સહિત હજારોની જનમેદની વચ્ચે જાણદી ત્રણ રસ્તાથી સ્મશાનયાત્રા યોજાઇ હતી. શાસ્ત્રીજીનો નશ્વર દેહ પંચમહાભુતોમાં વિલીન થવાની સાથે જ અસંખ્ય આંખો આંસુઓથી ઉભરાઇ ગઇ હતી. શાસ્ત્રીજીની અણધારી અને ઓચિંતી વિદાયથી પરિવારની સાથે સમગ્ર સમાજને ભારે ખોટ અનુભવવા પામી હતી. ૮૭ વર્ષની ઉંમરના શાસ્ત્રીજીને ટુંકી માંદગીમાં થોડા દિવસ પહેલાં જ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેઓનું રવિવારે અવસાન થવા પામ્યું હતું. આ સમાચાર સાંભળીને સમગ્ર દેશમાં શાસ્ત્રીજીના શુભેચ્છકો અને શ્રીમાળી બ્રહ્મ સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી

## ડીસા - ધાનેરા...
પાના નં.૮ ચાલુ

જેમજ રાજસ્થાનના રણુજામાં પણ ભાદરવા સુદ નોમના દિવસે રામદેવપીરના તીર્થધામે પદયાત્રાએ પહોંચી જઈ દર્શન કરવાનું વિશેષ મહત્વ રહેલું છે. જોકે હજુ આ મેળાની વાર છે ત્યારે ડીસા ધાનેરાને જોડતા માર્ગોપર છેલ્લા કેટલાક સમયથી પદયાત્રિકો અવિરતપણે ચાલતા જોવા મળી રહ્યા છે. રસ્તા પર ચાલતા પદયાત્રિકોના હાથમાં રંગબેરંગી ધજાઓ નેજાઓ અને જય બાબારી ના નાદ સાથે આગળ ધપી રહ્યા છે ઠેર-ઠેર રસ્તાઓ પર પદયાત્રિકો માટે સેવા કેમ્પો પણ ચાલુ થયા છે બાબા રામદેવપીરના તીર્થધામમાં પગપાળા જતા યાત્રિકોની લાઈનો લાગતા સ્વૈચ્છિક સંગઠન એનજીઓ ધાર્મિક સંસ્થાઓ દ્વારા ઠેરઠેર કેમ્પો બનાવી પગપાળા જતા યાત્રીઓ માટે સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.

## ડીસા જનરલ...
પાના નં.૮ ચાલુ

આવ્યુ હતુ. જેમાં જનરલ હોસ્પિટલ ડીસાને "લક્ષ્ય સર્ટીફિકેટ" આપવામાં આવ્ય હતુ. જનરલ હોસ્પિટલ ડીસા "લક્ષ્ય સર્ટીફિકેટ" ધરાવતી ગુજરાત સરકારની બીજા નંબરની તેમજ બનાસકાંઠાની પ્રથમ સરકારી તાલુકા લેવલની હોસ્પીટલ છે.

દાંતા ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિન નિમીત્તે રાજ્ય કક્ષાના મંત્રી વિભાવરીબેન દવે દ્વારા પ્રશંસનીય કામગીરી બદલ મયુરભાઈ ચૌધરીને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યુ હતું.

## થાવર ગામ...
પાના નં.૮ ચાલુ

બોરવેલમાં નાખી આ બોરવેલને રિચાર્જ કરવાની સફળ જહેમત આદરી હતી. થાવર ગામની શાળાના શિક્ષ-કો, ગામના આગેવાનો, ગ્રામ પંચાયતના સદસ્યોએ ગ્રામજનો સાથે મળી થાવરને ધાનેરા તાલુકામાં જળસંગ્રહની કામગીરી કરનાર પ્રથમ ગામનું ગૌરવ અપાવ્યું છે. આ રીતે જિલ્લાના અન્ય ગામોના લોકો પણ વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતારે તો આવનારા વિકટ સમયમાં રાહત થાય તેવુ જણાઈ રહ્યું છે. થાવર ગામના આગેવાન ઈશ્વરભાઈ ચૌધરીએ પણ આ પ્રોજેક્ટની સફળતા માટે કેન્દ્રની ટિમનો આભાર માની આ કામગીરીના પગલે જુના બોરવેલ રિચાર્જ થવા સાથે રસ્તામાં વરસાદી પાણીનો ભરાવો અટકવાથી રોગચાળા સામે પણ ગામ લોકોને રક્ષણ મળશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

## બનાસકાંઠામાં અલગ ...
પાના નં.૮ ચાલુ

રમતા ૭ શખ્સો રંગે હાથ ઝડપાઇ ગયા હતા. અહીંથી પોલીસે કુલ ૧૫ હજારના મુદ્દામાલ સાથે તમામ ૭ શખ્સોની અટકાયત કરી હતી. આ સિવાય ડીસા શહેર ઉત્તર પોલીસ આજે સવારે પેટ્રોલિંગમાં હતી. તે સમયે બેકરીકુવા વ્હોળા વિસ્તારમાંથી જુગાર રમતા ચાર શખ્સો ઝડપાઈ ગયા હતા. જેથી પોલીસે ૧૫ હજારના મુદ્દામાલ સાથે ચારેય શખ્સોની અટકાયત કરી હતી. આમ બનાસકાંઠા જિલ્લા પોલીસ શ્રાવણ માસમાં શકુનિઓ પર તવાઈ વરસાવી રહી છે. અને અલગ અલગ જગ્યાએ રેડ કરતા અન્ય જુગાર રસિકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

## વરસાદનું જોર...
પાના નં.૮ ચાલુ

વાગ્યે દાંતીવાડા ડેમમાં ૨૦૮૫ ક્યુસેક પાણીની આવક સામે ડેમની જળ સપાટી ૫૬૨.૧૦ ફૂટ નોંધાઇ હતી. જ્યારે સિપુ ડેમમાં ૧૪૫ ક્યુસેક પાણીની આવક સામે ડેમની જળ સપાટી ૫૮૧.૫૯ ફૂટ નોંધાઇ છે. એજ રીતે મુક્તેશ્વર ડેમમાં પણ પાણીની આવક બંધ થઈ ગઈ છે.

### સીમા જન કલ્યાણ સમિતિ દ્વારા

# ભારત પાકિસ્તાન બોર્ડર પર રક્ષાબંધનનો કાર્યક્રમ યોજાયો



પ્રતિનિધિ થરાદ

સીમા જન કલ્યાણ સમિતિ દ્વારા મહિલાઓને ને સાથે રાખી ને ભારત-પાકિસ્તાનની બોર્ડર ઉપર જવાનો સરહદની રક્ષા કરી રહ્યા છે દેશની રક્ષા કરી રહ્યા છે એવા જવાનોને આજે મોટી સંખ્યામાં મહિલાઓએ રાખડી બાંધી અને કુમકુમ તિલક કરી અને મીઠાઇ ખવડાવી હતી રક્ષાબંધનના પવિત્ર ભાઈ-બહેનના સંબંધો લઈને રક્ષાબંધનના આ કાર્યક્રમને લઇને બીએસએફના જવાનો અને અધિકારીઓ પણ ખુશ થઇ ગયા હતા અને બહેનોને પણ એમણે અભિનંદન આપ્યા હતા.

આટલી મોટી સંખ્યામાં બહેનો આવી અને જવાના રક્ષા બાંધી અને બેનને જે યાદ હતી અને યાદને પૂરી કરી એના બદલે તેમણે બહેનો આભારમાન્યો હતોસુરક્ષા કરતા જવાનોની બહેનો હજારો કિમી દુર બેઠી છે ત્યારે જવાના દેશની સુરક્ષા કરતા હોય છે અને એ દિવસે જ્યારે રક્ષાબંધન હોય અને અમવાને બહેનની યાદ આવતી હય જેને પૂરી કરવા માટે બહેનો એ જવાનોને રાખડી બાંધી અને પુરી કરી કોકિલાબેન પ્રજાપતિ. મહેલા યુવા મોરચા પ્રમુખ કલાવતી બેન રાઠોડ. મહિલા યુવા મોરચાના મંત્રીજ ચંદ્રીકાબેન, મંજુલાબેન, સંગીતાબેન સહિત મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# રાહના યુવકનું નાયબ મુખ્યમંત્રીના હસ્તે સન્માન



પાંચાભાઈ દેસાઈ

પ્રતિનિધિ રાહ

થરાદ તાલુકાના રાહ ગામના વતની ઓબાજી ભીખાજી પ્રજાપતિના પુત્ર ડો. સંજય પ્રજાપતિ જૂનાગઢ ખાતે જી.વી.કે, (ઈ.એમ.આર. આઈ) ફરજ બજાવે છે. જેઓનું શ્રેષ્ઠ સેવા બદલ નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ દ્વારા તેમનું સન્માન કરાયું હતું.

# શેઠશ્રી એમ.ડી.અભિનવ ભારતી વિદ્યાલય ખીમાણામાં ૭૩માં સ્વાંત્ર્ય પર્વની ઉજવણી

પ્રતિ. ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે આવેલ શેઠશ્રી એમ.ડી.અભિનવ ભારતી વિદ્યાલય ખીમાણાના પટાંગણમાં ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ઈશ્વરભાઈ જેઠાભાઈ ખટાણા (ચેરમેન ઉત્પાદન સહકારી અને સિંચાઈ સમિતિ બનાસકાંઠા) ના વરદ હસ્તે ત્રિરંગો લહેરાવી સલામી અપાઈ હતી. સ્વતંત્ર દિનની સાથે રક્ષાબંધનનો પર્વ પણ ઉજવવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય પ્રધાનજી રાઠોડ દ્વારા પ્રસંગોચિત વક્તવ્ય આપવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના, નાટકો દેશભક્તિ ગીતો વગેરેના ભજનગાવામા આવ્યા હતા.

આ પ્રસંગે પધારેલ મહેમાન ફતુજી પરમાર (સરપંચ), પીરાજી પરમાર, સુખાજી પરમાર, ધારસંગજી પરમાર, બ્રહ્મકુમારી માંથી પધારેલ વસંતીબેન એ રક્ષાબંધન અને સ્વતંત્ર દિનની વિશેષ માહીતી આપી હતી. વગેરે બહોળી સંખ્યામાં ગ્રામજનો શાળાનો સ્ટાફગણ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત્ રહ્યા હતા.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

## હેપ્પી બર્થ-ડે સુહાની



પિતા :વેરસીંહજી ઈશ્વરજી વાઘેલા
માતા :હેતલબેન વેરસીંહજી વાઘેલા
દાદા:ઈશ્વરસીંહજી કે.વાઘેલા
દાદી: ધર્મીબેન આઈ. વાઘેલા
નાના: શંભુજી એન.વાઘેલા
નાની :ચંદ્રીકાબેન એસ.વાઘેલા
માસી :સોનલબેન,કૈલાસબેન
મામા :ભરતજી,નાગજીજી
મામી:હેતલબેન
ભાઈ :કીશન, સુનીલ, સોહમ, ભાવીક બહેન : પ્રીયંકા,સેજલ, તુલસી, દીશીતા, સિયા
ફઈ :જડીબેન,વર્ષાબેન, આશાબેન
જન્મ તા.૧૯/૦૮/૨૦૧૭ ઉ.વ.૨
મુ.વડાવલ પો.લોરવાડા તા.ડીસા

# ઝંડા ઉંચા રહે હમારા

## શ્રી સર્વોદય વિદ્યા સંકુલ કાંટ



ડીસા

શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ ડીસા સંચાલિત શ્રી સર્વોદય વિદ્યા સંકુલ, કાંટ ખાતે કાર્યરત શ્રી સર્વોદય પ્રાથમિક વિદ્યાલય, માધ્યમિક અને ઉ.મા. વિભાગ લો કોલેજ તથા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૫/૮/૨૦૧૯ ને ગુરૂવારના રોજ ૭૩ માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરવામા આવી. આ પ્રસંગે પ્રથમ ધ્વજવંદન કાર્યક્રર્મમાં પરિવાર ઓર્થોપેડિક હોસ્પિટલના ડો.રમેશભાઈ આઈ. ચૌધરીના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. ત્યારબાદ લો કોલેજના આચાર્ય કલ્પેશભાઈ કે.ઠક્કર દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી પ્રાસંગિક ઉદબોધન કરેલ તથા મુખ્યમહેમાન ડો.રમેશભાઈ દ્વારા પ્રાસંગિક પ્રવચન આપેલ આ સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે ટ્રસ્ટના ઉપપ્રમુખ ખેંગારભાઈ ચૌધરી તથા ગામના અય આગેવાનો તથા વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ.

## થરા અનુપમ પ્રા.શાળા નં.૨



કિશોર પ્રજાપતિ

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના વહેવપારી મથક થરામાં આવેલ અનુપમ પ્રા.શાળા નં.૨ માં વહેલી સવારે ગામના મુખ્ય માર્ગો પર વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે જય જવાન જય કિસાન ભારત માતા કી જય ના નારા સાથે થરા વિસ્તારમાં પ્રભાતફેરી યોજી સવારે ૮-૩૦ કલાકે થરા નગરપાલિકા પ્રમુખ ભારતીબેન કિરીટભાઈ અખાણીના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો. જેમં દીકરીને સલામ દેશ કે નામ ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા. ગામના વડીલો યુવાનો આગેવાનો વગેરે વિશાળ સંખ્યમાં હાજરી આપી અને કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી. શાળાના કાર્યક્રમમાં ભાગ લીધેલ બાળકોની દાતાઓ તરફથી રોકડ રકમ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા. કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારના શિક્ષકગણ તેમજ શાળાના આચાર્યા બિંદુબા એન.વાઘેલા વગેરેએ ખુબજ જ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન સોમાભાઈ પટેલ તથા સ્ટેજ સંચાલન નાગજીભાઈ ઠાકોરે આભારવિધી પ્રહલાદભાઈ એલ.આચાર્ય (ઠક્કરે) કરી હતી. આ કાર્યક્રમમાં માજી રાજવી પૃથ્વીરાજસિંહ સી. વાઘેલા, નગરપાલિકા પ્રમુખ ભારતીબેન કે.ઠક્કર, નગરપાલિકા ઉપપ્રમુખ વસંતજી ઘોઘોસ, ફકીર મહંમદ વલીભાઈ, કનુભાઈ ઠક્કર (થરા શહેર ભાજપ પ્રમુખ), કનુભાઈ બી.ઠક્કર), હંસાબેન નટવરલાલ પ્રજાપતિ (એસ.એમસી. પ્રમુખ), મમતાબેન એ.તેરવાડીયા), ભીખાજી ગાંડાજી ઠાકોર, તારાબેન ચમનભાઈ પરમાર, મંગળભાઈ એમ.પરમાર, મધુબેન પરમાર તેમજ શાળા સ્ટાફે હાજર રહી સમગ્ર કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## શ્રી લુદરા પગાર કેન્દ્ર



ગત શ્રી લુદરા પગાર કેન્દ્રમાં ૭૩ માં સ્વતંત્રતા દિવસની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના તમામ બાળકો સ્ટફ અને ગ્રામજનોએ ભાગ લઈ દેશની શાન રાષ્ટ્રધ્વજને સલામી આપી આઝાદી આપનાર વીરોને શ્રધ્ધાંજલી અર્પણ કરી દેશના આઝાદી દિવસની વધાવી લીધો હતો. શાળાના મુખ્ય મહેમાન તરીકે પધારેલ સરપંચ માસીયા પીરાભાઈ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. સલામી, રાષ્ટ્રગીત અને ઝંડા ગીત દ્વારા ધ્વજને સન્માન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના આચાર્ય અજીતભાઈ દ્વારા ગામનાં તમામ વડીલોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું પછી શાળાના મેહુલભાઈ દ્વારા આઝાદીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ હંમેશા શાળામાં જરૂરિયાતની વસ્તુઓ પુરી પાડતાં દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં આજીવન દર ૧૫ મી ઓગસ્ટે શાળાના તમામ બાળકોને ચોપડો ભેટ આપતા દેસાઈ સુરેશભાઈ અને શાળામાં નવો મેઈનગેટ બનાવી આપવા તૈયારી દર્શાવનાર દેસાઈ રામાભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.

## સમૌ મોટા



શ્રી એલ.વી. નગરશેઠ હાઈ. સમૌ મોટામાં સમૌમોટા પે.કે. શાળા અને હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે ૭૩ માં સ્વાતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સમૌમોટા કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી પી.વી. રાજગોર ધ્વજવંદન કર્તા પ્રભાતસિંહ આર.જાદવ, કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે માજી ડેલીગેટ તખુભા એમ.જાદવ, જીલ્લા પંચાયત સદસ્ય, જીતેન્દ્રભાઈ રાજગોર, તાલુકા સદસ્ય ધીરભા જાદવ અને ગામના અગ્રણી દલપતસિંહ જાદવ તેમજ શાળાના નિવૃત સિનિયર કલાર્ક બી.કે.દવે રહ્યા હતા. આ પ્રસંગે પ્રાથમિક અને હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કર્યા હતા.

આ પ્રસંગે શાળાના આચાર્ય જે.સી.ભાવસાર પ્રાથમિક શાળાના આચાર્ય દિલીપભાઈ ચૌધરી તેમજ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી રાજગોરે પ્રાસંગિક પ્રવચન આભાર વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્યદિનના મહત્વ વિશે સમજ પુરી પાડી હતી.

## ખીમાણા પ્રા.પગાર કેન્દ્ર શાળા



વિષ્ણુ સોલંકી

પ્રતિ. ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા પ્રાથમિક પી.કે.શાળાના પટાંગણમાં સવારે શાળાના બાળકોએ પ્રભાતફેરી ફરી દેશ પ્રેમના ગીતો અને સુત્રો બોલાવી દેશ પ્રેમમાં જોડાયાની પ્રીતિ કરાવી હતી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ આગેવાનો, ગ્રામજનો, મહેમાનો, વગેરે ઉપસ્થિત રહી તિરંગાને સલામી આપી હતી. પૂર્વ ચેરમેન બાંધકામ સમિતિ બનાસકાંઠા સુરેશકુમાર એમ.ખટાણાના વરદ હસ્તે તિરંગો લહેરાવી સલામી અપાઈ હતી. ધ્વજવંદન નિમિતે શાળાના વિદ્યાર્થીભાઈ બહેનોએ રાષ્ટ્રગીત, ઝંડાગીત અને વંદેમાતરમ્ ગીતગાઈને ધ્વજવંદનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ઈન્ચાર્જ આચાર્ય અણીતાબેન ત્રિવેદીએ આવનાર ગ્રામજનો, મહેમાનો આવકાર્યા હતા.

આ પ્રસંગે એસ.એમ.સી. અધ્યક્ષ વિષ્ણુભાઈ સોલંકી, કપુરજી પરમાર, શંભુજી પરમાર, વેલસંગ પરમાર, હરેશભાઈ ત્રિવેદી, મંગળસિંહ પરમાર, લક્ષ્મણસિંહ વાઘેલા વગેરે વિશાળ બહોળી સંખ્યામાં ગ્રામજનો શિક્ષક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેજમલસિંહ પરમાર દ્વારા કાર્યક્રમ અંતે આભાર વિધી કરવામાં આવી હતી.

## અછવાડીયા પ્રા.શાળા



બાબુલાલ મેમણ

લાખણી તાલુકાની અછવાડિયા પ્રા.શાળામાં ૧૫ મી ઓગસ્ટ નિમિત્તે ગુરૂવારના રોજ ૭૩ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. તેમાં ગામની દીકરી જેમણે ઉચ્ચ શિક્ષણ મેળવેલ એવા રાજપુત અમિતાબેન ભલાભાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એસ.એમ.સી.અધ્યક્ષ રાણાભાઈ રાજપુત તથા સગથાભાઈ રાજપુત અને ભલજીભાઈ રાજપુત તેમજ તમામ એસ.એમ.સી. સભ્યો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય ઈબ્રાહીમભાઈ મનસુરીએ કર્યુ હતું. અંતમાં શાળાના બાળકો, સ્ટાફગણ અને ગ્રામજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરાયો હતો.

## ઠાકોર વાસ (દામા) પ્રાથમિક શાળા



કંચનજીઠાકોર

ઠાકોરવાસ (દામા) પ્રાથમીક શાળામાં ૭૩ માં સ્વાંત્રદિનની ઉજવણી નિમિતે ડીસા તાલુકા ભાજપ પ્રમુખ અને એસ.એમ.સી. અધ્યક્ષ લેબજીભાઈ ઠાકોરના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫ એ કલમ નાબુદ કરી તે બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમીતભાઈ શાહને અભિનંદન આપતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, જળ સંચય માટે દરેક નાગરીકોએ પાણીનો બચાવ કરવો પડશે આ શાળાના વિદ્યાર્થીઓ ઉચ ટેકનોલોજીવાળુ શિક્ષણ પ્રાપ્ત કરી ,ડોક્ટર, એન્જીનીયર આઈ. પી. એસ.કલેક્ટર બને તેવી શુભેચ્છા પાઠવી હતી. પ્રા. શાળાના આચાર્ય મીનાબેન નાઈ એ ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પાલડી પરૂ પ્રા.શાળા



તા.૧૫/૮/૨૦૧૯ ના રોજ રાષ્ટ્રના ૭૩ માં સ્વતંત્રતા દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી જેમાં શાળના બાળકો દ્વારા પ્રભાતફેરી કાઢી દેશભક્તિના નારાઓથી વાતાવરણને ગજવી મુકેલ આ પ્રસંગે મોટી સંખ્યામાં વિસ્તારના વાલીઓએ હાજરી આપેલ. ગામના અગ્રણી દાતા લખાજી જેહાજી મોદી દ્વારા શાળાના તમામ ૧૦૫ બાળકોને શૈક્ષણિક કિટ, નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ. તેમની આ સખાવતનો બિરદાવતા વિસ્તારના વાલીગણ વતી અગ્રણી રામજીભાઈ ચૌધરી દ્વારા શાલ ઓઢાડી દાતાનું સન્માન કરવામાં આવેલ. વિસ્તારના વાલીઓ દ્વારા હર્ષની લાગણી વ્યક્ત કરવામાં આવેલ હતી.

## દાંતીવાડા



ઈશ્વર રબારી

દાંતીવાડા

દાંતીવાડા તાલુકા ના ૭૩ માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે વિવિધ સ્થળોએ રીમઝીમ વરસાદ વચ્ચે ધ્વજવંદન કાયૅક્રમો યોજાયો તાલુકા નો ધ્વજવંદન આરખી મુકામે મામલતદાર આઈ.એમ.ઠાકોર હસ્તે તેમજ દાતીવાડા ગામ ખાતે રણજીતસિંહ વાઘેલા હસ્તે યોજવામાં આવ્યો હતો જેગલો હાઈસ્કૂલ ખાતે પી જે ચૌધરી હસ્તે યોજવામાં આવ્યો હતો શિકરીયા શાળા ખાતે પંચાયત સદસ્ય ઈશ્વરભાઈ રબારી હસ્તે યોજવામાં આવેલ તેમજ દાંતીવાડાની વિવિધ શાળાઓ ગ્રામ પંચાયતો હાઈસ્કુલો.ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળા ઑ મા બાળકો દ્વારા દેશભક્તિના ગીતો પર સુદર મજાના કાયૅક્રમો રજુ કયા હતા. દાંતીવાડા સમગ્ર તાલુકા મા દેશભક્તિના રંગમાં રંગાઈ ગયું હતું.

## રાધનપુરના શિક્ષકની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરાઈ



(પ્રતિનિધિ) રાધનપુર

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને પારિતોષિક એવોર્ડ એનાયત કરવામાં આવે છે, વર્ષ-૨૦૧૯ માટે ગુજરાતમાંથી ૩૬ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે,જેમાં માધ્યમિક વિભાગમાંથી છ શિક્ષકોની પસંદગી કરાઈ છે.જેમાં ઉત્તર ગુજરાતમાંથી બે શિક્ષકોની પસંદગીમાં રાધનપુરની કે.બી.હાઈસ્કૂલનાવિજ્ઞાન શિક્ષક કલ્પેશભાઈ દિનબંધુભાઇ અખાણીની પસંદગી કરવામાં આવી છે.રાધનપુર કેળવણી મંડળ,મુંબઈના ટ્રસ્ટીગણ અને હાઈસ્કૂલ પરિવારે તેમને બિરદાવ્યા હતા.

## અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ રાધનપુરનું ગૌરવ

રાધનપુર

હિમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ - રાધનપુર સંચાલિત અરૂણ બાલચંદ વોરા એમ.એડ્. કોલેજ, રાધનપુરના પ્રોફે એન્ડ હેડ ડો. યોગેશચંદ્ર કે. બારોટને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.દ્વારા યુનિ.માં ચાલતા એમ.ફિલ, એજ્યુકેશનના કો. ઓર્ડિનેટર તરીકે નિમણુંક કરતાં સંસ્થાનું ગૌરવ વધારેલ છે. તે બદલ સંસ્થાના પ્રમુખ ડો. મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ કે. ઠક્કર, ઓન. સેક્રેટરી ડો. નવિનભાઈ ઠક્કર, કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી. ઠક્કર (પંપવાળા) અને એમ.એડ્.સ્ટાફ પરિવારે તેઓને શુભેચ્છાઓ પાઠવી છે. આ નિમણુંક બદલ કેમ્પસના અન્ય વિભાગોના પ્રિન્સિપાલ ડો. સી.એમ.ઠક્કર, ભીખુપુરી ગૌસ્વામી, એ.બી.આસોડિયા વિગેરેએ પણ બિરદાવ્યા છે.

## લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સમાં રક્ષાબંધન પર્વની ઉજવણી



પાટણ

પાટણની લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ-પાટણ માં રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી

સમગ્ર ભારતમાં ભાઈ-બહેનના પ્રેમનો પવિત્ર તહેવાર રક્ષાબંધન ઉજવાઈ રહ્યો છે ત્યારે પાટણ ખાતે આવેલી લોર્ડ ક્રિષ્ના સ્કૈલ ઓફ સાયન્સમાં પણ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી, આ પ્રસંગે દરેક વર્ગની બહેનોએ વર્ગના ભાઈઓને કુમકુમ તિલક કરી 'રાખી' બાંધી હતી.

આ પ્રસંગને શાળાના મેનેજીંગ ડાયરેક્ટર અમિતભાઈ પટેલ, પ્રમુખ દીનાબેન પટેલ, ડાયરેક્ટર એલ.કે.પટેલ, કે.પી.પટેલ માધ્યમિક વિભાગના આચાર્ય કિશોરભાઈ રામી, પ્રાથમિક વિભાગના આચાર્ય કનુભાઈ પટેલે બિરદાવ્યો હતો.

## રાધનપુર શાળામાં રક્ષાબંધનની ઉજવણી



રાધનપુર

હિમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ - રાધનપુર સંચાલિત શ્રી મોતીલાલ મનસુખલાલ ઝોટા પ્રા.શાળામાં ધો. ૧ થી ૮ તથા બાલમંદિરના બાળકોએ રક્ષાબંધનની ઉજવણી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કરની ઉપસ્થિતિમાં તથા શાળાના આચાર્ય રેખાબેન ઠક્કરના માર્ગદર્શન હેઠળ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. ભુલકાઓએ તિલક કરી રાખડી બાંધીને મો મીઠુ કર્યુ હતું. જેમાં હિન્દુ-મુસ્લિમ વિદ્યાર્થીઓએ એકબીજાને રાખડી બાંધીને એકતાનુ પ્રતિક પ્રસ્તૃત કર્યુ હતું. શાળાના આચાર્ય રેખાબેને રક્ષાબંધન પર્વનુ મહત્વ સમજાવ્યું હતુ.

આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ ડો. મહેશભાઈ મુલાણી, કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી. ઠક્કર (પંપવાળા) તથા ઓનેરરી સેક્રેટરી ડો. નવિનભાઈ ઠક્કરે પણ આશિર્વચન પાઠવ્યા હતાં.

## સિધ્ધપુર માથુર વૈશ્ય શાખા સભા અને મહીલા મંડળની ચુંટણીનું આયોજન



સિધ્ધપુર

માથુર વૈશ્ય શાખા સભા સિધ્ધપુર અને મહીલા મડંળ સિધ્ધપુર ચુંટણીનું આયોજન કર્યું હતું. કૈલામાતાજીના મંદિર બાજુમાં પંચાલની ધર્મશાળામા પ્રદીપભાઈ ગુપ્તાના અધ્યક્ષ સ્થાને સિધ્ધપુર ગુપ્તા સમાજ ની ચુંટણી સર્વ સંમતિથી સદસયો એ પોતાના હોદાઓ સ્વીકાર કર્યો.સિધ્ધપુર માથુર વૈશ્ય શાખા સભાના સદસયોના નામઃ (૧) પ્રમુખઃ દિલિપકુમાર હરીપ્રસાદ શાહ (૨)ઉપપ્રમુખઃ બીપીનકુમાર બદ્રીપ્રસાદ ગુપ્તા (૩) મંત્રીઃ અનિલકુમાર વિનોદચંદ્ર ગુપ્તા (૪). સહમંત્રીઃ પારૂલકુમાર બદ્રીપ્રસાદ ગુપ્તા (૫). ખજાનજી : કિરીટકુમાર ઠાકુરદાસ ગુપ્તા (૬). લેખા કાર્યકતાઃ સંતોષકુમાર હરીભાઈ ગુપ્તા (૭). કેન્દ્રીયકાર્યકતાઃ સુનીલકુમાર લક્ષ્મીનારાયણ ગુપ્તા.સિધ્ધપુર મહિલા મંડળના સભ્યોના નામઃ (૧)પ્રમુખઃ સુનિતાબેન રાજેન્દ્ર કુમાર ગુપ્તા (૨). ઉપપ્રમુખઃ રાજકુમારી વસંતકુમાર ગુપ્તા (૩). મંત્રીઃ શ્રેયાબેન સંતોષકુમાર ગુપ્તા (૪) સહમંત્રીઃ નિશા બેન સુશીલ કુમાર ગુપ્તા (૫). ખજાનજીઃ આરતીબેન કિરીટકુમાર ગુપ્તા (૬) લેખા કાર્યકતાઃ આશાબેન પ્રેમકુમાર શાહ (૭). કેન્દ્રીય કાર્યકતાઃ મીનાબેન હરેન્દ્રકુમાર ગુપ્તા.

## રાધનપુર કોલેજમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી



રાધનપુર

"હિંમત વિદ્યાનગર" સ્થિત અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ રાધનપુર સંચાલિત ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા.૯-૮-૧૯ ના રોજ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રિ.ડો.સી. એમ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત પ્રિ..ડો.સી. એમ. ઠક્કરે વિદ્યાર્થીઓને વિશ્વમાં આદિવાસી સમુદાયના નૈતિક મુલ્યોની ઝાંખી કરાવી હતી અને સંસ્થા આદિવાસી સમુદાયમાંથી પ્રતિનિધિત્વ કરતાં કર્મચારીગણનું પ્રતિક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી સમુદાયના સમાજ જીવન પર વકતવ્ય આપેલ હતું. ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી નૃત્ય પણ કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.એ.સેમ.-૫ ના વિદ્યાર્થી આકાશ ઠાકોર દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજશાસ્ત્ર પ્રાધ્યાપકઓએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

## શ્રી બી ડી સાર્વજનિક વિધાલયમાં ૭૩મા સ્વાતંત્રપર્વની શાનદાર ઉજવણી



પાટણ

શ્રી બી ડી સાર્વજનિક વિધાલયપાટણ તેના સ્થાપના ના ૭૫માં મંગલવર્ષમાંપ્રવેશ કરેલ છે ત્યારે તે વર્ષમાટે વિવિધ કાર્યકમ શાળા દ્વારા કરવામાં આવે છે ત્યારે આજે રાષ્ટીય તહેવાર ની શાનદાન ઉજવણી કરવા માટે આજ ૭૩ માં સ્વાતંત્રપર્વની શાનદાન ઉજવણી કરવામાં આવી જેમા ધ્વજવંદન, એન સી સી પરેડ નુ નિરીક્ષણ સંસ્કૃતિક કાર્યકમ, વૃક્ષારોપણ અને સરસ્વતિ સાધનાયોજના ની સાયકલ વિતરણ અને ઈનામવિતરણ કરવામાં આવેલ આજ ધ્વજવંદન રાજેન્દ્રભાઈ જે શાહ ના હસ્તે કરવામાં આવેલ છે

આ તકે શ્રી પાટણ જૈન મંડળના માનદમંત્રી રાજેન્દ્રભાઈ જે શાહ જણાવેલ કે આજ ના આઝાદીના પાવન પર્વ પર આપ સૌને હૃદયથી ખૂબ ખૂબ શૂભકામનાઓ, ૧૫ ઓગષ્ટની આ સવાર, મામુલી સવાર નથી. આ વિશ્વના સૌથી મોટા લોક તંત્રના સ્વાતંત્ર્ય પર્વની સવાર છે. આ સવાર, સવા સો કરોડ દેશવાસીઓના સ્વપ્નની સવાર છે. આ સવાર સવા સો કરોડ દેશવાસીઓના સંકલ્પની સવાર છે અને આવા પાવન પર્વ પર જે મહાપુરુષોના બલિદાનના કારણે, ત્યાગ અને તપસ્યાના કારણે, સદીઓ સુધી ભારતની અસ્મિતા માટે ઝૂંઝતા રહ્યા, પોતાના માથા કપાવતા રહ્યા, જવાની જેલમાં ખપાવતા રહ્યા, યાતનાઓ સહેતા રહ્યા, પરંતુ પોતાના સપના ન છોડ્યા, સંકલ્પ ન છોડ્યા. આવા આઝાદીના સ્વતંત્રતા સેનાનીઓને હું આજે કોટિ કોટિ વંદન કરું છું. છેલ્લા દિવસોમાં આપણા દેશના અનેક ગણમાન્ય નાગરિકોએ, અનેક યુવકોએ, સાહિત્યકારોએ, સમાજ સેવકોએ, ભલે તે પુત્ર હોય કે પુત્રી હોય, વિશ્વભરમાં ભારતનું શિશ ઉંચું કરવાનું અભિનંદનીય કાર્ય કર્યું છે. આ તકે શાળાના વડા ડૉ બી આર દેસાઈ જણાવેલ કે આજ વિશ્વની સામે ભારતની વિશાળતા ભારતની વિવિધતા, તેના ગુણગાન થતા રહે છે. પરંતુ જેમ ભારતની અનેક વિશેષતાઓ છે, ભારતમાં અનેક વિવિધતાઓ છે, ભારતની વિશાળતા છે, એવી જ રીતે ભારતના જન-જન સરળતા પણ છે અને ભારતના ખૂણે-ખૂણામાં એકતા પણ છે. આ આપણી પૂંજી છે, આ આપણા રાષ્ટ્રની શક્તિ છે. આપણા દેશની શક્તિને સદીઓથી સાચવવામાં આવી છે. દરેક યુગમાં તેને નિખારવાનો પ્રયાસ થયો છે. સમયની આવશ્યકતા અનુસાર, ભવિષ્યના સ્વપ્નને સાકાર કરવાની આવશ્યકતા અનુસાર તેને આકાર અપાયો છે, તેનો ઉછેર કરાયો છે અને તેનાથી પૂરાતન પરંપરાઓ વચ્ચે, નિત્ય નૂતન સંકલ્પોની સાથે આ દેશ આજે અહીં પહોંચ્યો છે. આપણી એકતા, આપણી સરળતા, આપણો ભાઈચારો, આપણો સદભાવ, આ આપણી ખૂબ મોટી મૂડી છે.આ તકે તમામ ને સ્વાતંત્રપર્વ ની શુભેચ્છા પાઠવું છું

સ્વાતંત્ર પર્વમાં મુખ્યમહેમાન રાજેન્દ્રભાઈ જે શાહ શ્રી પાટણ જૈન મંડળ માનદમંત્રી ,શ્રીમતિ વંદનાબેન પટેલ જીજાબાઈ એવોડ વિજેતા સામજીભાઈ ચૌધરી સરપંચ સુજનીપુર શ્રી કેતનભાઈ પટેલ , ભૂપેન્દ્રભાઈ પટેલ સ્થાનિક સમિતિ સભ્યગણ ,ધીરૂભાઈ શાહ , ધવલકુમાર આર્મી જવાન અને ભૂતપૂર્વ વિધાર્થી એસો.ગણ તેમજ સમગ્ર શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો આજ નુ સમગ્ર આયોજન એન.સી.સી વિભાગ ભાવિકભાઈ પટેલ અને સંસ્કુતિ કાર્યકમ મનીષાબેન શાહ અને રંગોળી એલ એન કે બી.એડ કૉલેજના તાલીમાર્થી દ્વારા બનાવવામાં આવેલ અને તમામ બાળકો ને મહાપ્રસાદ આપી ને છૂટા પડ્યા .

## માધવગઢમાં ૨૨૦ કરોડના ખર્ચે ૯ મીટર ઊંચો બેરેજ બનશે

ગાંધીનગર

ગાંધીનગર શહેરમાંથી પસાર થતી સાબરમતી નદી પર આવનાર દિવસોમાં ચેકડેમ બનાવવાની મંજૂરી મળી ગઇ છે. ૨૨૦ કરોડના ખર્ચે બનનારા ચેકડેમની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ બેરેજ બનવાથી ત્યાં રહેતા સ્થાનિકોને મોટી રાહત મળશે. ઉપરાંત અહીં જોવા મળતી પાણીની સમસ્યાનો પણ નિકાલ આવી જશે. માધવગઢ જોડે બનતા આ બેરેજની ઉંચાઇ નવ મીટરની છે.

ઘણા વર્ષોથી માધવગઢ પાસે બેરેજ બનાવવાની માંગણીઓ કરવામાં આવી રહી હતી. જેના સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા એક સર્વે પણ કરવામાં આવ્યો હતો. અંતે માધવગઢના સામેની બાજુએ અમરાપુર વચ્ચે બેરેજ બનાવવાની મંજૂરી મળી ગઇ છે. આ બેરેજ બન્યાં બાદ ઉનાળા અને શિયાળામાં પણ સાબરમતી નદી બે કાંઠે જોવા મળશે. એવુ અનુમાન લગાવવામાં આવે છેકે, આ બેરેજ બનવાથી ગાંધીનગર, સાબરકાંઠા અને મહેસાણાના ૫૦થી વધુ ગામોને મોટો ફાયદો થશે. સાથે જ બેરેજ નવ મીટર ઉંચો હોવાથી મીઠાપાણીનો ખુબ મોટો જથ્થો ઉપલબ્ધ બનશે. ગાંધીનગરના માધગઢ પાસે બેરેજ બનાવવાની દરખાસ્ત રાજ્ય સરકાર પાસે આવી હતી. જેને ધ્યાનમાં લેતા ૨૦૧૯-૨૦ના નાણાકિય વર્ષમાં ૨.૫ કરોડની જોગવાઇ કરી છે.

## શ્રી બી ડી સાર્વજનિક વિધાલયમાં રક્ષાબંધનપર્વની ઉજવણી

પાટણ

શ્રી બી ડી સાર્વજનિક વિધાલય પાટણમાં ભાઈ બહેન નો પવિત્ર તહેવાર રક્ષાબંધન ની ઉજવાઈ જેમા શાળાની બાળાઓ દ્વારા ભારતના આર્મી જવાનો ને બોડર પર રાખડી મોકલી સાથે સાથે શાળામાં શિક્ષકગણ બહેનો દ્વારા સ્ટાફમાં ભાઈઓ ને રાખડી બાંધી હતી તેમજ શાળાની વિધાર્થીનીઓ દ્વારા તમામ વિધાર્થીભાઈઓ ને રાખડી બાંધી હતી અને કુમકુમ તિલક કરી ભાઈઓ ની રક્ષા માટે દુવા કરી હતી ત્યારે આ પવન પર્વમાં ડૉ બી આર દેસાઈ એ રક્ષાબંધન વિશે જણાવેલ કે ભાઈના જીવનમાં, ભાઈના જીવન વિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને પ્રેરક શુભેચ્છાનું પ્રતીક રક્ષાબંધન પર્વ છે. મનુષ્ય જન્મે ત્યારથી તેને કોઈને કોઈ પ્રકારનો ભય તો રહેતો જ હોય છે, અને જ્યાં ભય હોય ત્યાં રક્ષા સ્વયંભૂ પ્રગટ થતી હોય છે. રક્ષાની ભાવના પ્રબળ અને તીવ્ર હોય છે. આ રક્ષણ એટલે અંતરની આશિષનું રક્ષણ, હેતભરી શુભ ભાવનાનું રક્ષણ, અદ્રશ્ય પરમાત્મા અને દેવ-દેવીઓને ગદગદ ભાવે કરેલી પ્રાર્થનાનું રક્ષણ.

આવું રક્ષણ અભિમન્યુને કુંતીએ તેને રણમોરચે જતાં પહેલાં રાખડી બાંધી હતી. એવું રક્ષણ પ્રિયજનને આપવા માતાઓ, પત્નીઓ, ભગિનીઓએ રાખડી બાંધ્યાના પ્રસંગો પુરાણોમાં અનેક ઉપલબ્ધ છે.

હિંદુ સમાજમાં શ્રાવણી પૂર્ણિમાના દિવસે બધી જ બહેનો પોતાના ભાઈના કાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઈચ્છે છે. શું રાખડી બાંધીને કોઈની રક્ષા ખરેખર થઈ શકે? મહત્વ રક્ષાબંધનનું નથી, મહત્વ છે અંતરના જે અમી ઘૂંટીને રાખડી બાંધતી વખતે આશીર્વાદ આપે તેનું છે.

આ પ્રસંગે રાજેન્દ્રભાઈ જે શાહ, ધીરૂભાઈ શાહ , ભૂપેન્દ્રભાઈ પટેલ , કેતનભાઈ પટેલ,બળદેવભાઈ દેસાઈ પસાભાઈ દેસાઈ વગેરે ખાસ ઉપસ્થિતિમાં યોજ્યો હતો રક્ષાબંધન કાર્યકમનુ આયોજક રમીલાબેન જોશી અને એલ એન કે બી.એડ કૉલેજ ના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ અને શાળામાં દરેક ધાર્મિક તહેવારો બાળકો ના નૈતિક અને આધ્યાત્મિક આધ્યાત્મિક મૂલ્યના વિકાસ માટે ઉજવવામાં આવે છે.

## રાધનપુર કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી



રાધનપુર

"હિંમત વિદ્યાનગર" સ્થિત અમરજયોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા.૧૩-૮-૧૯ ના રોજ કોલેજના પ્રિન્સિપાલ ડો.સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ રક્ષાબંધન પર્વની ઉજવણી પ્રજાપિતા ઈશ્વરીય બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય, રાધનપુર કેન્દ્ર દ્વારા ઉજવણી કરવામાં આવી. જેમાં બ્રહ્માકુમારી પિનલબેન તથા બ્રહ્માકુમારી સ્નેહલબેન ઉપસ્થિત રહી રક્ષાબંધન પર્વની મહત્વ વિશે રસપ્રદ, જ્ઞાનસભર, વ્યાખ્યાન આપેલ. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી કેન્દ્રના ભરતભાઈ પણ ઉપસ્થિત રહેલ.કાર્યક્રમમાં સંચાલન પ્રા. ડો.બી.એસ.રબારીએ જ્યારે આભારવિધિ ડો.કે.ડી. અખાણીએ કરેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાનથી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રો.પ્રિતિ હાલાણી અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

## માટીના ટ્રી ગણેશ : ઘરે કુંડામાં મૂર્તિ વિસર્જન પછી તેમાંથી છોડ ઉગશે

### પર્યાવરણની જાળવણીના ઉદેશ્ય સાથે સાઉથ બોપલ અમદાવાદ ખાતે માટીની ૫૧ ટ્રી ગણેશ મુર્તિ બનાવવામાં આવી



વિરમગામ

અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં શ્રધ્ધા વિશ્વાસ અને પર્યાવરણને સાંકળતા અનોખા અભિગમ સાથે સ્થાનિક લોકો દ્વારા ટ્રી ગણેશની માટીની મુર્તીઓ બનાવવામાં આવી છે. રવિવારે સાઉથ બોપલમાં આયોજીત કાર્યક્રમમાં લોકોને માટીના ટ્રી ગણેશ બનાવવા માટે પ્રસાદ ગોસાવી દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. તેમની મદદથી લોકો દ્વારા માટીના ૫૧ ટ્રી ગણેશની મુર્તિ પોતાના હાથે તૈયાર કરવામાં આવી હતી. ટ્રી ગણેશની માટીની મુર્તિની ગણેસોત્સવ દરમ્યાન સ્થાપના કરવામાં આવશે અને ઘરે જ કુંડામાં વિસર્જન કરવામાં આવશે. જેમાંથી છોડ ઉગશે.

માટીના ટ્રી ગણેશ બનાવતા શિખવડવાના કાર્યક્રમના આયોજક અને બોપલ ઘુમા નગરપાલીકાના કાઉન્સિલર વૃશાલી દાતારે જણાવ્યુ હતુ કે, પીઓપીની ગણેશ ભગવાનની મુર્તિનું નદી કે તળાવમાં વિસર્જન કરવાના કારણે પર્યાવરણને નુકશાન થવાની શક્યતાઓ રહેલી છે. જેથી ગણેશોત્સવ દરમ્યાન ભગવાન ગણેશજીની એવી મુર્તિની સ્થાપના કરવામાં આવે કે વિસર્જનથી પર્યાવરણને કોઇ નુકશાન ન થાય તે માટે અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં લોકોને માટીના ટ્રી ગણેશની મુર્તિ બનાવતા શિખવાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને લોકો દ્વારા માટીના ૫૧ ટ્રી ગણેશની મુર્તિ તૈયાર કરવામાં આવી હતી. લોકોએ પોતાના હાથે બનાવેલ મુર્તિની ગણેશોત્સવ દરમ્યાન સ્થાપના કરવામાં આવશે અને પોતાના ઘરે કુંડામાં પાણી નાખીને વિસર્જન કરવામાં આવશે. જેથી એકાદ અઠવાડીયા પછી કુંડામાં છોડ ઉગશે.

## રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ૪૫૦૦ શિક્ષકોની ભરતી કરાશે

ગાંધીનગર

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૪૫૦૦ જેટલા શિક્ષકોની ભરતી થવાની છે. આ માટે ઝોન પ્રમાણે કમિટીઓ બનાવી છે. આ ભરતીમાં આર્થિક નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામતનો અમલ પણ અપાશે. આ માટે અમદાવાદ ઉપરાંત અન્ય ૮ જિલ્લાનાં અધિકારીઓની મિટીંગ મંગળવારે શહેરમાં યોજાશે.

મળતી માહિતી પ્રમાણે રાજ્યમાં હાલ દરેક જિલ્લામાં ૨૦૦ પ્રવાસી શિક્ષકો કાર્યરત છે. તેથી જો દરેક જિલ્લાના આંકડા પર નજર કરીએ તો કામ ચલાઉ રીતે ૩,૫૦૦ જગ્યાઓ પર પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. જ્યારે કે તેનાથી વધારે શિક્ષકોની જગ્યા ખાલી હોવાનો અંદાજ છે. શિક્ષણ વિભાગના સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે રાજ્યમાં આશરે ૪,૫૦૦ શિક્ષકોની ખાલી જગ્યા પર ભરતી કરવામાં આવશે.

શિક્ષણ વિભાગ જિલ્લા પ્રમાણે રિઝર્વેશન ક્વોટા નક્કી કર્યા છે જેમ કે, અમદાવાદમાં ૧૧ ટકા અનુસૂચિત જાતિ, ૧૦ ટકા અનુસૂચિત જન જાતિ, ૨૭ ટકા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને ૧૦ ટકા આર્થિક રીતે નબળા વર્ગનો સમાવેશ થાય છે. રોસ્ટર પ્રમાણે ભરતી માટે પહેલી ત્રણ સિટો બિનઅનામત, ચોથી સીટો સા.શૈ પછાત વર્ગ વગેરે અનામત સીટો ૧૩ ક્રમ સુધી રહેશે.